पभासतित्थकुमार. पुं० (प्रभासतीर्थकुमार) પ્રભાસ તીર્થનો અધિપતિ દેવતા. प्रभास तीर्थ का अधिपति देवता. The presiding deity of Prabhāsa Tīrtha. जं० प० ३, ५०;

पभिइ. अ० (प्रभृति) શરુઆત; આદિ; વગેરે. आरंभ; आदि; वगैरह. Etc.; so forth. नाया० १; २; ५; ७; ८; १२; १३; १४; १५; १६; आया० १, ६, २, १८३; पिं० नि० भा० ४७; सु० च० ४, १०१; भग० ६, ३३; प्रव० ११६०; उवा० १, ५८;

पभित्ति. अ० (प्रभृति) વગેરે. वगैरह; आदि; प्रभृति. Etc. भग० १५, १; अणुजो० १९; पंचा० १७, २०;

पभीअ. त्रि० (प्रभीत) બહુ બીધેલ; ભય પામેલ. बहुत डरा हुआ; अति भयभीत. Very much afraid; terrified. उत्त० ५, ११;

पभु. पुं० (प्रभु) સમર્થ; દેવાધિદેવ; તીર્થંકર. समर्थ; देवाधिदेव; तीर्थंकर. Lord; omnipotent; the highest god; Tīrthaṅkara. भग० १, ७; २, ५; ३, १; २; ५, ४; ६, ६; ७, ७; १५, १; १८, १०; पिं० नि० ३६६; जीवा० ३, १; सू० प० १८, जं० प० ५, ११२; ३, ५२; उवा० ७, २१६;

पभूत. त्रि० (प्रभूत) ઉદ્ભવેલ; ઉત્પન્ન થયેલ. उत्पन्न; जन्मा हुआ. Born; produced. ओव० २१; (२) અતિશય; ઘણું. अतिशय; बहुतसा; प्रचुर; अधिक. too much; excessive. उत्त० २०, २; सम० ३४; सूय० २, ६, ३८; भग० १, १; २, ५; सु० च० २, ५६३; जीवा० ३, ३; राय० २७; प्रव० १२४५; (३) પ્રમાદાદિનું પરિણામ; અતીત અનાગતાદિ વિષયક કર્મ પરિણામ.

प्रमादादि का परिणाम; अतीत अनागतादि विषयक कर्म परिणाम the resnlt of idleness etc. आया० १, ५, ४, १५६;

पभेय. पुं० (प्रभेद) પ્રકાર; ભેદ. प्रकार; तरह; भेद; जाति. A kind; variety. प्रव० ४८०;

√**पमज्ज.** धा० I, II (प्र+मृज्) સાફ કરવું. साफ करना; शुद्ध करना. To clear up

पमज्जइ–ति. जीवा० ३, ४; नाया० १; २; भग० २, ५; १२, १; जं० प० ३, ४४; गच्छा० ७६; उवा० १, ६६; ७७; विवा० ७;

पमज्जेइ. नाया० १६;

पमज्जिज्ज वि० उत्त० २४, १४;

पमज्जेज्ज. वि० निसी० ४, ५७;

पमज्जेज्जा. वि० निसी० ३, १६;

पमज्जित्तु. सं० कृ० दस० ८, ५;

पमज्जइत्ता. सं० कृ० नाया० १; ८; भग० २, ५; १२, १;

पमज्जेइत्ता. सं० कृ० नाया० १६;

पमज्जिय सं० कृ० ओघ० नि० ६५३; दस० ४; आया० १, ७, ६, २२२; उवा० १, ५५;

पमज्जेमाण. व० कृ० आया० २, १, ६, ३५; वव० ६, ७;

पमज्जंत व० कृ० प्रव० ५२३;

पमज्जण. न० (प्रमार्जन) પૂંજવું; સાફ કરવું. पूंजना; साफ करना; मार्जन करना. Brushing; clearing. पण० २, १; पंचा० २, १३; —ट्ठ. पुं० (-अर्थ) પ્રમાર્જનને માટે. प्रमार्जनार्थ; साफ करने-प्रमार्जन के लिये. for brushing. प्रव० ५२२;

पमज्जणया. स्त्री० (प्रमार्जन) પૂંજવું; શુદ્ધ કરવું; માર્જન કરવું. पूंजना; शुद्ध करना; मार्जन करना; झाडना. Brushing; purifying; cleaning. ठा० २, १;

पमज्जणा. स्त्री० (प्रमार्जना) વાસીદું વાળવું તે. झाड़ू निकालना; झाड़ बुहार करना. Swêeping; rinsing. प्रव० ६०१; कप्प० ९, ६०;

पमत्त. त्रि० (प्रमत्त) પ્રમાદ યુક્ત; પ્રમાદી. प्रमादयुक्त; असावधान; प्रमादी. Careless; idle. उत्त० ३४, २१; आया० १, ४, १, १२०; नाया० १; २; ५; भग० ३, ३; ८, १; ६; १४, ३; नंदी० १७; पिं० नि० १०६; राय० ४०; वेय० ४, २; प्रव० १२४; क० प० ४, ४; जं० प० ५, ११५; (२) પ્રમત્ત સંયતિ; છઠ્ઠા ગુણસ્થાનવાળો. प्रमत्त संयति; छठे गुण स्थान वाला. an ascetic who has reached the sixth spiritual stage. क० गं० ५, ६६; २, २; १७; २४; ७; —**विरत.** त्रि० (-विरत) પ્રમત્ત સંયતિ-છઠ્ઠા ગુણસ્થાનવાળો. प्रमत्त संयति-छठे गुणस्थान वाला. an ascetic who has reached the sixth spiritual stage. क० प० ५, ५७; —**विहारि.** त्रि० (-विहारिन्) પાંચ પ્રકારના પ્રમાદને સેવનાર. पांच प्रकार के प्रमादों का सेवन करने वाला. (one) who dallies with the carelessness of five kinds. नाया० ५; —**संजय.** पुं० (-संयत) કંઈક પ્રમાદ જેને રહેલો છે તેવા છઠ્ઠા ગુણસ્થાનવર્તી સાધુ. अवशिष्ट प्रमाद; छठे गुणस्थान वाला साधु. an ascetic who has reached the sixth spiritual stage; (one) in whom some carelessness has remained. भग० १, १, २; सम० १४;

√**पमत्थ.** धा० I. (प्र+मथ्) જલદીથી બાળી ભસ્મ કરવું. जल्दी से जलाकर भस्म करना. To reduce to ashes by

burning quickly.

पमत्थइ. आया० १, ४, ३, १३५;

पमदवण. न० (प्रमदवन) મલ્લદત્ત નામના યુવરાજનું પ્રમદવન નામે એક ઉદ્યાન. मल्लदत्त नामक युवराज का प्रमदवन नामक उद्यान. An orchard named Pramada vana belonging to the prince Malladatta. नाया० ८;

पमदा. स्त्री० (प्रमदा) જુવાન સ્ત્રી. युवा स्त्री; प्रमदा. A young lady. पण्ह० १,४;

पमद्द. पुं० (प्रमर्द) સંઘટ્ટન; મર્દન. संघट्टन; मर्दन. Contact; rubbing. सू० प० १०; जं० प० ७, १५६;

पमद्दण. न० (प्रमर्दन) મર્દન કરવું; પીસવું; મંથન કરવું. मर्दन करना; मथना; पीसना. Rubbing; churning; grinding. (२) હરાવવું; પરાજય કરવો. हराना; पराजित करना. defeating. ओव० १६; सम० ६; पिं० नि० १०३; जीवा० ३, १; राय० ३३;

पमद्दमाण. त्रि० (प्रमृद्नत्) વિખરતું; છુટું પાડતું. खुलता हुआ; शिथिल; ढीला. That which is loosening or disengaging. पिं० नि० ५७४;

पमद्दि. त्रि० (प्रमर्दिन) મર્દન કરનાર; પીડનાર. मर्दन करने वाला; पीडा पहुंचाने वाला. Squeezer; one who troubles. ओव० ४०;

पमयवण. न० (प्रमदवन) તેતલીપુર નગરની બહારનું એક વન. तेतलीपुर नगर के बाहर का एक वन. A forest on the outskirts of Tetalipura city. नाया० १४;

पमया. स्त्री० (प्रमदा) જુઓ " पमदा " શબ્દ. देखो " पमदा " शब्द. Vide " पमदा " विशे० २३७२; तंदु०

√प-मर. धा० II. (प्र+मृङ्+णिच्) મારી નાખવું. मार डालना. To kill.

पमारेहिंति. प्रे० भवि० भग० १५, १;

पमाइ. त्रि० (प्रमादिन्) આળસુ. आलसी; सुस्त. Sluggard; lazy. ओघ० नि० भा० १६५; आया० १, ३, १, १०६;

पमाइयव्व. त्रि० (प्रमादितव्य) પ્રમાદ કરવો. प्रमाद करना; असावध होना; ध्यान न देना. Heedlessness. भग० २, १;

पमाण. न० (प्रमाण) પ્રત્યક્ષ પરોક્ષ આદિ પ્રમાણ; પ્રમાણ યથાર્થ બોધજનક જ્ઞાન; યુક્તિસિદ્ધ જ્ઞાન. प्रत्यक्ष परोक्ष आदि प्रमाण; युक्तिसिद्ध ज्ञान A mode of proof or evidence like direct, heresay etc. पंचा० १३, ४८; प्रव० २०१; १४०५; कप्प० ३, ३५; ५, १०७; ६, १८; क० गं० ६, ५१; उत्त० २८, २४; सूय० २, २, ८१; अणुजो० ७०; १३१; विशे० ६४६; भग० १, ३; २, ८; ५, ४; ६; राय० २४४; पन्न० १; सु० च० १, २६६; उवा० १, ४९; (२) હાથ, ગજ, વગેરેનું માપમાન; હદ. हाथ, गज, वार आदिका मापपरिमाण; सीमा. a measure by arm or yard; limit. ठा० २, ४; ओव० १०; सम० प० १६८; नाया० १ ३; जं० प० ७, १६२; १३५; २, २०; ३६; ६, १२५; भग० ७, १; ११, ११; वव० २, २२; प्रव० १११५; पन्न० १२; ३०; राय० २७; ६३; अणुजो० १३२; (३) આહારની મર્યાદા. आहार की मर्यादा. limit of food. पिं० नि० १; (४) હેતુ; કારણ. हेतु; कारण; निमित्त. reason; cause. सू० प० ४; (५) ન્યાય શાસ્ત્ર. न्याय शास्त्र; तर्कशास्त्र. logic. सु० च० ४, ६; **—अइक्कंत.** त्रि० (-अतिक्रान्त) પ્રમાણને ઉલંઘી ગયેલ. प्रमाण का उल्लंघन किया हुआ.

a tresspasser. नाया० ५; भग० ७, १; ६, ३३;—**अइरित्त.** त्रि० (-अतिरिक्त) પ્રમાણથી વધારે. प्रमाण से अधिक. inordinate. निसी० १६, २५; —**अईय.** त्रि० (-अतीत) પ્રમાણ-હદ ઉલંઘી ગયેલ. प्रमाण-सीमा का उल्लंघन किया हुआ-सीमोल्लंघन करने वाला. a transgressor; a tresspasser. प्रव० ८२२;—**अंतर.** न० (-अन्तर) પ્રમાણ પ્રમાણ વચ્ચે તફાવત હોવાથી શું સાચું અને શું ખોટું એવી શંકા પડે તે. प्रमाणों में भेद होने के कारण कौनसी बात सच है और कौनसी झूंठ इस विषय में पडने वाली शंका; प्रमाण भेद के कारण सत्य और असत्य निर्णय में पडनेवाली शंका. doubt as to which is true or false of two opposite proofs. भग० १, ३; —**काल.** पुं० (-काल) પ્રમાણરૂપ કાલ; માસ, ઋતુ, અયન, શતવર્ષ, પલ્યોપમ વગેરે નક્કી કરેલ કાળ. प्रमाणित काल; मास, ऋतु, अयन, शतवर्ष, पल्योपम आदि निश्चित काल. the fixed time viz. month, season, solstice, hundred years, Palyopama etc.; a big measure of time. भग० ११, ११; ठा० ४, १; विशे० २०६८; —**पक्ख.** पुं० (-पक्ष) પ્રમાણરૂપ પખવાડિયું; અજવાળીયું અને અન્ધારીયું. प्रमाणरूप पखवाडा-पक्ष; शुक्लपक्ष तथा कृष्णपक्ष. a fortnight; the bright and the dark half of a month. कप्प० ३, ३८; —**पत्त.** त्रि० (-प्राप्त) પ્રમાણને પામેલું. प्रमाण प्राप्त; प्रमाणित. obtained by authority or measure. वव० ८, १५; —**संवच्छर.** पुं० (-संवत्सर) નક્ષત્ર સંવત્સર, ચન્દ્ર સંવત્સર, ઋતુ સંવત્સર, આદિત્ય સંવત્સર, અને અભિવર્ધિત સંવત્સર એ પાંચ સંવત્સરનો સમુદાય, જે વડે યુગનું માપ દર્શાવાય છે. नक्षत्र संवत्सर, चंद्रसंवत्सर, ऋतु संवत्सर, आदित्य संवत्सर और अभिवर्धित संवत्सर इन पांच संवत्सरों का समुदाय जिसके द्वारा युग-काल मापा जाता है. an aggregate of the five epochs viz. Nakṣatra Saṃvatsara, Chandra Saṃvatsara, Ṛitu-Saṃvatsara, Āditya Saṃvatsara and Abhivardhita Saṃvatsara-which reveal the measure of a big Yuga. ठा० ५,३; जं० प० ७, १५१; सू० प० १०;

पमाणंगुल. पुं० (प्रमाणांगुल) પ્રમાણાંગુલ-મહાવીર સ્વામિની એક હજાર આત્માંગુલ પ્રમાણ ભરપ, આ અંગુલથી પૃથ્વી વિમાન વિગેરે દરેક શાશ્વત પદાર્થોનું માપ કરવામાં આવ્યું છે, પ્રમાણાંગુલથી ભરેલ એક જોજનમાં આત્માંગુલની ભરપના ચાર હજાર ગાઉ સમાય છે. प्रमाणांगुल-महावीर स्वामी का एक सहस्र आत्मांगुल प्रमाण, इस अंगुलद्वारा पृथ्वी, विमान आदि प्रत्येक शाश्वत पदार्थोंका माप किया गया है; प्रमाणांगुल युक्त एक योजन में आत्मांगुल के चार हजार कोसोंका समावेश होता है. Pramāṇāṅgula; a unit of measure equal to one thousandth part of Atmāṅgula of the lord Mahāvīra; all the eternal things viz. the earth, celestial abodes etc. are measured with this unit of measure one lacs Yojanas of Pramāṇāṅgulas are equal to 8000 miles of Ātmāṅgula. अणुजो० १३४; विशे०

३४१;

पमाणभूअ. त्रि० (प्रमाणभूत) પ્રમાણભૂત; પ્રમાણરૂપ. प्रमाणभूत; प्रमाणरूप. Authoritative; standard; normative. नाया० १; ७; गच्छा० ६४;

पमाणमेत्त. त्रि० (प्रमाणमात्र) પ્રમાણ જેટલું જ. परिमाण-प्रमाणानुरूप. Only according to measure or authority. जं० प० २, ३६; ओव० १६;

पमाणियठाण. न० (प्रामाणिकस्थान) માપ કરવાની જગ્યા. माप करने-तौलने का स्थान. A place for measuring. निसी० १२, ३०; ३२;

√**पमाद.** धा० I. (प्र+मद्) પ્રમાદ કરવો. प्रमाद करना; असावधान होना. To be heedless.

पमायण. उत्त० १०, १;

पमायंत. व० कृ० सु० च० १, १३०;

पमाद. पुं० (प्रमाद) મદ, વિષય, કષાય, નિદ્રા, અને વિકથા એ પાંચ પ્રમાદ. मद, विषय, कषाय, निद्रा तथा विकथा आदि पांच प्रमाद. The five-fold carelessness viz. pride, lust, passion, sleep and prattle. सम० ५; आया० १, ३, ३, ११९; १, ६, ४, १५; ओव० २१; ४०; नाया० ७; १०; भग० १, ३; ३, ३; १६, १; २५, ७; ओघ० नि० भा० ४५; ओघ० नि० ६५५; उत्त० १०, १५; दस० ५, २; ४२; ६, १६;

पमाय. पुं० (प्रमाद) પ્રમાદ-ગફલત; આશ્રવનું ત્રીજું સ્થાન. प्रमाद; असावधानी; बेफिक्री; गफलत; आश्रव का तीसरा स्थान. Laziness; negligence; the 3rd resource of Āśrava. भग० २, ३; ८, ९; १, ४३; **—दोस.** पुं० (-दोष) પ્રમાદરૂપી દોષ. प्रमादरूपी दोष. a fault in the form of laziness. गच्छा० ३६; **—पच्चय.** पुं० (-प्रत्यय) પ્રમાદ જેનું કારણ-લક્ષણ છે તેવું. प्रमाद के कारण-लक्षण वाला. that whose characteristic is laziness. भग० २, ३; ८, ६; **—परवस.** त्रि० (-परवश) પ્રમાદને વશ. प्रमाद वश; अज्ञान वश. subdued by idleness. प्रव० ८१७; **—वसग.** त्रि० (-वशग) પ્રમાદને વશ થયેલ. प्रमादी; अज्ञानी. (one) subordinate to idleness. गच्छा० १६;

पमायप्पमाय. न० (प्रमादाप्रमाद) २९ ઉત્કાલિક સૂત્રમાંનું ૧૦મું. २९ उत्कालिक सूत्रों में से १० वां. The tenth of the 29 Utkālika Sūtras. नंदी० ४३;

√**पमिला.** धा० I. (प्र+म्लै) ઝાંખું પડવું; કરમાઈ જવું. कुम्हलाना; मलीन होना. To fade away.

पमिलाइ. भग० ६, ७;

पमिलायइ. ठा० ३, १;

पमुइय. त्रि० (प्रमुदित) ખુશાલી યુક્ત; ખુશી થયેલ. खुश; प्रसन्न; सुखी. Happy. ओव० १०; नाया० १; ५; ८; भग० १, १; ११, ११; १४, ८; सु० च० १, ७७; जीवा० ३; सू० प० १; राय० १३१; कप्प० ४, ९६; ५, १०१; **—अंत.** त्रि० (-अन्तर्) હર્ષિત ચિત્ત વાળો. हर्षित हृदय वाला. happy-minded. कप्प० ३, ४२; **—कर.** त्रि० (-कर) આનન્દ કરનાર. आनन्द करने वाला; आनन्द देने वाला; आमोद प्रद. one who makes happy. " समयाइं पमुइयकरायं " वव० ३, ६;

पमुक्ख. त्रि० (प्रमुख) અગ્રેસર. अग्रेसर; नायक; नेता. Leader. प्रव० १४२७;

√**पमुंच.** धा० I. (प्र+मुच्) મૂકવું; છોડી-

દેવું. छोडना; त्याग देना. To leave off; to release.

पमुक्खासि. भवि० आया० १, ३, १, १०८;

पमुंचमाण. व० कृ० नाया० १; ६;

पमुत्तुणं. सं० कृ० आउ० ३२;

पमुह. त्रि० (प्रमुख) આગેવાન; प्रधान; नेता; अगुआ. Chief. क० गं० १, ३४; प्रव० १२०६; पंचा० २, २२; ८, ३५; ओव० २६; सम० १३; जीवा० ३, २; (२) पुं० પ્રમુખ નામનો ૪૯ મો ગ્રહ. प्रमुख नामक ४९ वां ग्रह. the forty-ninth planet named Pramukha. ठा० २, ३; सू० प० २०;

पमुहरि. त्रि० (प्रमुखरिन्) વાચાલ; ઘણું બોલનાર. वाचाल; अत्यधिक बोलने वाला; बकवादी. Talkative; loquacious. उत्त० १७, ११;

पमेइल. पुं० (प्रमेद) ઘણા મેદવાળું; જાડું. मोटा; स्थूल; अधिक मेद वाला. Fat; thick. दस० ७, २२;

पमोक्ख. पुं० (प्रमोक्ष) ઉત્તર પક્ષ; જવાબ. प्रति-उत्तर; जवाब. Retort; reply. उत्त० २५, १३; (२) મોક્ષ; કર્મથી છુટકારો. मोक्ष-कर्म से मुक्ति. emancipation; freedom from Karma. उत्त० ३२, १; भग० २, १;५; आया० १, २, ६, १०२;

√**पमोद.** धा० I. (प्र+मुद्) હર્ષ પામવો; ખુશી થવું. हर्षित होना; खुश होना. To get pleased; to be happy.

पमोयंति. उत्त० १४, ४२;

पमोद. पुं० (प्रमोद) આનંદ. आनन्द; खुशी. Happiness; joy. पण्ह० २, १;

पमोय. पुं० (प्रमोद) મહોત્સવ; આનંદ. महोत्सव; आनन्द. Festivity; happiness. विवा० ३; जं० प० ३, ६८;

पम्ह. पुं० (पक्ष्मन्) કમલનો તન્તુ; પદ્મકેશર. कमल तन्तु; पद्मकेशर. Lotus-filament. उवा० १, ७६; ओव० २६; पन्न० २; (२) પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. a celestial abode of the fifth Devaloka. सम० ६; (३) પુષ્પ; લુગડાનો પુંભ. पुम्बा; बत्ती; पूनी; पक्ष्म. a bunch of cotton fibre; a fillet made of a piece of cloth. अणुजो० १३८; (४) છેડો. छोर; अन्त. extremity. ओघ० नि० भा० ३२२; (५) પશ્ચિમ મહાવિદેહના દક્ષિણ ખાંડવાની મેરૂ તરફથી પહેલી વિજય. पश्चिमीय महाविदेह के दक्षिण प्रदेश की मेरु पर्वत वाली पहिली विजय. the first part towards the Meru mountain in the southern region of the west Mahāvideha. जं० प० (६) એ વિજયનો રાજા. इस विजय का राजा. the king of this part. जं० प०

पम्हंतर. पुं० (पक्ष्मांतर) પુંમ્હ પુમ્હમાં અંતર; છુટું છુટું પુભાં. पलक-पक्ष्म के बीच का अन्तर. The interval between a hair. ठा० ४, १;

पम्हकंत. पुं० (पक्ष्मकान्त) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of this name of the 5th Devaloka. सम० ६;

पम्हकूड. पुं० (पक्ष्मकूट) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of the fifth Devaloka of this name. सम० ६; (२) સીતા

મહાનદીના ઉત્તર કાંઠા ઉપરનો એક વખારા પર્વત. सीता महा नदी के उत्तरी तीर वाला एक वखारा पर्वत. a Vakhārā mountain over the northern bank of the great river Sītā. ठा० ४, २; (३) વિદ્યુત્પ્રભ-વખારા પર્વત ઉપરના નવકૂટમાંનું ચોથું કૂટ-શિખર. विद्युत्प्रभ-वखारा पर्वत पर के नवकूटों में से चौथा कूट-शिखर. the fourth peak of the nine peaks of Vakhārā mountain. जं० प०

पम्हगंध पुं०(पद्मगन्ध) દેવકુરૂ, ઉત્તરકુરૂ ક્ષેત્રના માણસોની એક જાત. देवकुरु, उत्तरकुरु क्षेत्र के मनुष्यों की एक जाति. A class of men of Devakuru and Uttara-Kuru. जं० प० ४, ६७; जीवा० ३, ४; (२) પદ્મના જેવી ગન્ધ. पद्म की सुगंध के समान सुगंध. fragrance resembling that of a lotus. भग० ६, ७;

पम्हगावई. स्त्री० (पद्मकावती) પદ્મકાવતી નામની મહાવિદેહની એક વિજય. पद्मकावती नामक महाविदेह की एक विजय. A part of Mahā Videha known as Padmakāvatī. ठा० २, ३;

पम्हगोर. त्रि० (पद्मगौर) ધોળા પદ્મ જેવું શ્વેત. श्वेत कमल के समान सफेद. White as the white lotus. भग० १, १;

पम्हज्झय. पुं० (पद्मध्वज) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of the fifth Devaloka of this name. सम० ९;

पम्हट्ठ. त्रि० (प्रस्मृत) ભૂલી ગયેલ. विस्मृत; भूला हुआ. Forgotten. (२) પડી ગયેલ! गिरा हुआ; पतित. fallen. पण्ह० २, ३;

पम्हप्पभ. पुं० (पद्मप्रभ) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of the 5th Devaloka of this name. सम० ९;

पम्हय. न० (पद्मक) પદ્મ; કમલ. पद्म. Lotus. जीवा० ३, ३;

पम्हल. त्रि० (पक्ष्मल) પુમ્હલ વાળું; લુંછલ વાલું (વસ્ત્ર વિશેષ). बाल वाला वस्त्र विशेष; ऊनी वस्त्र. A wooly garment. नाया० १; २; १६; भग० ९, ३३; जीवा० ३, ४; ओव० ३१; जं० प० ५, १२२; कप्प० ४, ६२; **—सुकुमाल.** पुं० (-सुकुमार) કુમળું-નાજુક વસ્ત્ર. कोमल-नाजुक-मुलायम वस्त्र. delicate or soft garment. नाया० १६; भग० १५, १;

पम्हलग. त्रि० (पक्ष्मलक) સુંવાલું; લીસું. सुन्दर; मनोहर केश वाला; सुहावना. Shaggy; smooth. विवा० ७;

पम्हलेस्स. पुं० (पद्मलेश्य) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of the fifth Devaloka. सम० ९;

पम्हलेस्सा. स्त्री० (पद्मलेश्या) કમળગર્ભ જેવા સફેદ પુદ્ગલના સંસર્ગથી થતા આત્માના ઉજ્વલ પરિણામ; પદ્મલેશ્યા; છ લેશ્યામાંની પાંચમી લેશ્યા. कमलगर्भके समान श्वेत पुद्गलों के संसर्ग से होने वाले आत्मा के उज्वल परिणाम; पद्म लेश्या; पांचवीं लेश्या. A luminous presentation to the soul by a contact with the atoms, white as the interior of a lotus; pink thought-tint the fifth of the 6 thought-tints. भग० १, १; २५, ६; २६, १; ४१,

२१; उत्त० ३४, ८; पन्न० १९; सम० ६; आव० ४, ७; प्रव० ११७४;

पम्हयरण. पुं० (पद्मवर्ण) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of the fifth Devaloka. सम० ९;

पम्हसिंग. पुं० (पद्मशृंग) એ નામનું પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of the fifth Devaloka. सम० ९;

पम्हासिद्ध. पुं० (पद्मसिद्ध) પાંચમા દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक का एक विमान. A celestial abode of the fifth Devaloka. सम० ९;

पम्हा. स्त्री० (पद्मा) પદ્મા નામની મહાવિદેહની એક વિજય. पद्मा नामक महाविदेह का एक विजय. A part named Padmā of Mahā Videha ठा० २, ३; (२) છ લેશ્યામાંની પાંચમી લેશ્યા छः लेश्याओं में से पांचवीं लेश्या. the fifth thought-tint out of six. क० गं० ३, २२; ४, १६; उत्त० ३४, ३;

पम्हाण. त्रि० (प्रम्लान) ગ્લાની પામેલ; કરમાયેલ. कुम्हलाया हुआ; उदास; थका हुआ; म्लान. Faded; exhausted. अणुजो० १३०;

पम्हावई. स्त्री० (पद्मावती) મહાવિદેહની સીતા મહાનદીને જમણે કાંઠે આવેલી રમ્યગાવિજયની પદ્માવતીનામની મુખ્ય નગરી. महाविदेह की सीतामहानदी के दक्षिण किनारे पर स्थित रम्यगाविजय की पद्मावती नामक राजधानी-प्रमुख नगरी. The capital city named Padmāvatī of Ramyagāvijaya situated on the right banks of the great river Sītā in Mahā Videha. ठा० २, ३; (२) પશ્ચિમ-મહાવિદેહના દક્ષિણ ખાંડવાની ચોથી વિજય. पश्चिमीय महाविदेह के दक्षिण प्रदेश की चौथी विजय. the fourth part of the southern regions of the west Mahā Videha. जं० प०

पम्हावत्त. न० (पद्मावर्त) એ નામનું પાંચમાં દેવલોકનું એક વિમાન. पांचवें देवलोक के एक विमान का नाम. A celestial abode of the fifth Devaloka of this name सम० ९;

पम्हुट्ठादिसाभाय. पुं० (प्रस्मृतदिग्भाग) ભૂલી જવાયલી દિશાનું ભાન. भूला हुआ दिशा-ज्ञान. The forgotten knowledge of the quarters. नाया० १८;

पम्हुत्तरवडिंसग. न० (पक्ष्मोत्तरावतंसक) આ નામનું પાંચમાં દેવલોકનું એક વિમાન. ५वें देवलोक का एक विमान. A celestial abode of the fifth Devaloka of this name. सम० ९;

पम्हुसण. न० (अपस्मरण) ભૂલી જવું તે. भूल जाना; विस्मरण. Forgetfulness. पंचा० १५, ११;

√**पय.** धा० I. (पच्) રાંધવું; પકાવવું. रांधना; पकाना. To cook; to bake.

पयंति. सूय० १, ५, १, १०;

पयह. आ० आया० १, ७, २, २०४; सूय० २, १, १७;

पयं. व० कृ० सूय० २, १, २४;

पयंत व० कृ० कप्प० ३, ४६;

पयावए. प्रे० उत्त० २, २; दस० १०, १, ४;

पयावेमाण. सूय० २, १, २४;

पय. न० (पद) પગ; પગલું. पैर; पाँव; पद. Foot. जं० प० ५, ११५; ओव०

१२; उत्त० ४, ७; २६, १३; पिं० नि० ७५; १८२, भग० ६, ३; नाया० २; निसी० ६, ८; सु० च० १, ३१८; प्रव० ५८७; पंचा० १८, १०; कप्प० २, १४; (२) પદ-વિભક્તિ સહિત નામ. पद-विभक्तियुक्त नाम. a substantive with terminations. पण्ह० २,२; ठा०१, १; आया० १, ५, ६, १७०; उत्त० १, २६; अणुजो० १६; ७३; १३१; १४९; विशे० १५८८; भग० १, ६; २, १; राय० ८७; (३) ભાંગો; પ્રકાર. प्रकार; भिन्नता; भाग. a variety. उत्त० २६, २८; (४) સ્થાન; સંયમના સ્થાનક. स्थान; संयम के स्थानक. place; a division of self-restraint. दस० ६, ४, २३; नंदी० स्थ० ३२; पण्ह० १, ४; पन्न० १२; (५) પદનું જ્ઞાન; શ્રુત જ્ઞાનનો એક પ્રકાર. पद का ज्ञान;एक प्रकार का श्रुतज्ञान. the knowledge of words; a variety of scriptural knowledge. क० गं० १; ७; (६) શ્લોક કે ગાથાનું એક ચરણ. श्लोक-पद्य अथवा गाथा का एक चरण. a quarter of a verse or prose. भग० १, ६; **—अट्ठोत्तरसहस्स.** न० (**-अष्टोत्तरसहस्र**) એક હજાર અને આઠ પદ. एक सहस्र और आठ पद. one thousand and eight words. प्रव० १८५; **—अणुसारि.** पुं० (**-अनुसारिन्**) પદાનુસાર લબ્ધિવાળો; સૂત્રનું એક પદ ભણવાથી પોતાની પ્રજ્ઞાવડે ઘણા સૂત્ર પદને ગ્રહણ કરવાની લબ્ધિવાળો જીવાત્મા. पदानुसार लब्धिवाला; वह जीवात्मा-मनुष्य जो सूत्र के एक पद को पढकर अपनी प्रज्ञा के योगसे बहुत से पदों को ग्रहण कर सके-समझ सके. (one) having knowledge according to words; the soul which has the intelligence of understanding many words in a Sūtra after having mastered one word of a Sūtra. प्रव० १५०८; पण्ह० २, १; विशे० ७९९; ओव० **—चंकमण.** न० (**-चंक्रमण**) પગે ચાલવું તે. पैरसे चलने का कार्य; पैदल जाना. walking on foot. भग० ११, ११; **—पंकय.** न० (**-पङ्कज**) ચરણ કમલ. चरण कमल. the lotus-feet. भत्त० ३५; **—पमाण.** न० (**-प्रमाण**) પદનું પ્રમાણ. पद का प्रमाण. the measure of feet; authority of a word. प्रव० ७१८; **—पास.** पुं० (**-पाश**) પગ બાંધવાનો પાશલો. पैर बांधने का फंदा-पाश. a trap to entangle feet. सूय० १,१, २, ८; **—पीडिय.** त्रि० (**-पीडित**) પગથી કચરેલું. पैरों द्वारा रौंधा हुआ. trodden by feet. नाया० १; **—बद्ध.** न० (**-बद्ध**) છન્દો બદ્ધ કાવ્ય. छन्दो बद्ध काव्य. metrical poem. जीवा० ३, ४; राय० १३१; **—मग्ग.** पुं० (**-मार्ग**) પગનો રસ્તો-પગરસ્તો. पैदल रास्ता; पगडंडी. foot-path. नाया० १८; **—वियार.** पुं० (**-विचार**) પગે ચાલવું તે. पैर से चलना; पैदल चलना-जाना-गमन करना. walking on foot. प्रव० ७८३; **—संखा.** स्त्री० (**-संख्या**) પદની સંખ્યા. पदों की संख्या. numeration of words. प्रव० ७१८; **—समास.** न० (**-समास**) પદના સમુદાયનું એકથી વધારે પદોનું જ્ઞાન; શ્રુત જ્ઞાનનો એક પ્રકાર. पद समास अर्थात् पदों के समुदाय का ज्ञान; श्रुत ज्ञान का एक प्रकार. the knowledge of a group of words. क० गं० १, ७; **—सुमरण.** न० (**-स्मरण**)

પદનું સ્મરણ. पद का स्मरण. recollection of a word etc. भत्त० ८८; —हीण. त्रि० (-हीन) પદે હીન-ઓછું. पद हीन; पद से रहित-न्यून. omission of a word, sentence etc. आउ० ४, ७;

पय. न० (पयस्) દુધ. दूध. Milk. (२) પાણી. पानी. Water. उत्त० ११,१६; पिं० नि० ५१८; विशे० ६८; नाया० २;

पय. त्रि० (प्रद) આપનાર; દેનાર दाता; देने वाला. Giver. विशे० ३२२८;

पयअ. त्रि० (प्रयत) પ્રયત્નવાન્. प्रयत्नवान्. Diligent. (२) સોપયોગી; ઉપયોગ-લક્ષ સહિત. उपाय सहित; लक्ष्ययुक्त. circumspect. उत्त० १,२७; ओघ० नि० ५२५; (३) વ્યન્તરદેવની એક જાત. व्यन्तरदेव की एक जाति. a class of the Vyantara gods. ओव० २४; ठा० २, ३;

पयइ. स्त्री० (प्रकृति) વાત-પિત્તાદિ પ્રકૃતિ. वात-पित्तादि प्रकृति. The humours of the body viz. wind, bile etc. विशे० १७०३; (२) કર્મ-પ્રકૃતિ; કર્મની સ્વભાવ. कर्मप्रकृति; कर्म का स्वभाव. Karmic nature or matter. नाया० ५; क० गं० १, २; ५८; —बंध. पुं० (-बन्ध) પ્રકૃતિનો બન્ધ. प्रकृति का बन्धन. the bond of nature. क० गं० ५, २१; —भद्दय. त्रि० (-भद्रक) સ્વભાવથી ભદ્રિક; ભદ્રિક સ્વભાવવાળું. स्वभाव से भद्र; भद्र-उत्तम-स्वभाव वाला. of a good or simple nature. नाया० १६;

पयंग. पुं० (पतंग-पत्रमिव अंगं यस्य) પતંગીયો; ઉડતા જંતુની એક જાત. पतिंगा; उड़नेवाला जंतु विशेष. A moth; a kind of flying insect. उत्त० ३, ४; १२, २७; ३२, २४; ३६, १४५; दस० ४; नाया० १७; पन्न० १; (२) પતંગ નામે વ્યન્તર દેવતાની એક જાત. पतंग नामक व्यन्तर देवता की एक जाति. a class of the Vyantara gods of the Patanga class. प्रव० ११४५; पगह० १, ४; पन्न० २;

पयंगवीहिया. स्त्री० (पतंगवीथिका) જુઓ "पतंगवीहिया" શબ્દ. देखो "पतंगवीहिया" शब्द. Vide. "पतंगवीहिया" उत्त० ३०, १६; दसा० ७, १;

पयंगवीही. स्त्री० (पतङ्गवीथी) જુઓ "पतंगवीहिया" શબ્દ. देखो "पतंगवीहिया" शब्द. Vide "पतंगवीहिया" प्रव० ७५२;

पयंड. त्रि० (प्रचण्ड) પ્રચંડ; ભયંકર. प्रचंड; भयंकर; घोर. Horrible; terrible. नाया० १; पगह० १, १; सु० च० १, ३६६;

पयंथिअ. त्रि० (प्रजल्पित) કહેલું. कहा हुआ; कथित. Spoken. सु० च० १, ५६;

पयंपिर. त्रि० (प्रजल्पितृ) કહેનાર. कहने वाला. Speaker. सु० च० २, ५७६;

पयक्खिणा. स्त्री० (प्रदक्षिणा) પ્રદક્ષણા દેવી તે. परिक्रमा देना; प्रदक्षिणा देने का कार्य. Circumambulation. नाया० १७; —अणुकूल. त्रि० (-अनुकूल) પ્રદક્ષિણાને અનુકૂલ. प्रदक्षिणा के अनुकूल. suited to circum-ambulation. नाया० १७;

पयग. न० (पदक) પદક; રત્નાવલિ તપની સ્થાપના-ચિત્રનો એક અવયવ. पदक; रत्नावलि तप की स्थापना-चित्र का एक अवयव. A kind of austerity known as Ratnāvali; a portion of a picture. प्रव० १५४०;

पयगवइ. पुं० (पतगपति) પતગ જાતના વ્યન્તર દેવતાનો બીજો ઇન્દ્ર. पतग जाति

के व्यंतर देवता का दूसरा इन्द्र. The second Indra of the Vyantara gods of the Pataga class. ठा० २, ३; पन्न० २;

पयचुल्ल. न० (*) માછલાંને બાંધવાની એક જાતની જાળ. मछलियों को पकडने की जाल विशेष. A kind of net to catch fish. विवा० ८;

पयट्ट. त्रि० (प्रवृत्त) પ્રવર્તેલું. प्रवर्तित: आरंभित. Urged; commenced. पंचा० १६, ५०;

पयट्टअ. त्रि० (प्रकर्षक) પ્રકર્ષ-ઉત્કર્ષ કરનાર. प्रकर्ष-उत्कर्ष करने वाला. (One) who elevates. पण्ह० १, १;

पयट्टिअ त्रि० (प्रवर्तित) પ્રવૃત્ત થયેલ. प्रवृत्त; किया हुआ; चलाया हुआ. (One) urged. प्रव० ६१४; उत्त० ४, २; सु०च० २, ६०६;

पयट्टियव्व. न० (प्रवर्तितव्य) યત્ન કરવો તે; પ્રવર્તવું. प्रयत्न करना; प्रवृत्ति करना. Impelling; attempting. पंचा० ९, ४०;

पयड. त्रि० (प्रकट) પ્રત્યક્ષ; પ્રગટ; સ્પષ્ટ. प्रत्यक्ष; प्रकट; स्पष्ट. Directly sensed; clear. पंचा० ३, २८; प्रव० ११५;

पयडि. स्त्री०(प्रकृति) કર્મનો સ્વભાવ; કર્મની પ્રકૃતિ. कर्म का स्वभाव; कर्म की प्रकृति The nature of Karma. प्रव० १२८४; क० गं० १, २८; २, २४; ५, ६६; नंदी० स्थ० ३०; अणुजो० १२७; उत्त०३३, ६; विशे० ४४४; —**ट्ठाण** न० (-स्थान) કર્મ પ્રકૃતિનાં સ્થાનક. कर्मप्रकृति के स्थानक. the different divisions of Karmic nature. क० गं०६, १५; —**भेअ** पुं० (-भेद) કર્મની પ્રકૃતિના ભેદ. कर्म की प्रकृति के भेद. a variety of Karmic nature. क० गं० ५, ६५; —**सत्त.** पुं० स्त्री० (-सत्ता.) કર્મ પ્રકૃતિની સત્તા. कर्म प्रकृति की सत्ता-शक्ति. the power of Karmic nature क० गं० ६, २;

पयडिय. त्रि० (प्रकटित) પ્રગટ કરેલું. प्रकट किया हुआ; प्रकटित. Revealed. नाया० १; ८; सु० च० १, २४;

पयण. न० (पचन) રાંધવું તે. पाक; पकाने का काम. Cooking. नाया० ५; उत्त० १२, ६; ३५, १०; पण्ह० १, १; —**पयावण.** न० (-पाचन) રાંધવું અને રંધાવવું. पकाना तथा पकवाना; भोजन बनाना तथा बनवाना. cooking and getting cooked. दस० ६, ४;

पयण. न० (पतन) પતન-પડવું તે. पतन; गिरना. Falling. विशे० १८५६;

पयणग. पुं० (पचनक) તપેલું; રાંધવાનું વાસણ. तपेली; भोजन बनाने का बर्तन विशेष. A cooking basin. जीवा० २;

पयणु त्रि० (प्रतनु) સૂક્ષ્મ; પાતળું; દુબળું. सूक्ष्म; दुबला; पतला. Minute; thin. आया० १, ८, ७, २; उत्त० ३४,२९; भग० ३, ४; ५, ६; ६, ३१; पंचा० ६, ४२;

पयणुअ त्रि० (प्रतनुक) ઝીણું; સૂક્ષ્મ. सूक्ष्म; महीन; उम्दा; बारीक. Minute; fine. आया० १, ६, ३, १८६;

√**पयणुतणय.** ना० धा० I. (प्र+स्तन्) જોરથી ગાજવું; કડાકા કરવા. जोरसे गर्जना करना; कड़कना. To roar; to thunder. पयणुतणायंति. राय० ३६;

पयत. त्रि० (प्रयत) પ્રવૃત્ત થયેલ. प्रवृत्त; निमग्न. Engaged. पण्ह० १, ३; उवा० १, ७२;

पयति. स्त्री० (प्रकृति) પ્રકૃતિ; સ્વભાવ. प्रकृति; स्वभाव; तासीर. Nature. पंचा० २, ५;

पयत्त. पुं० (प्रयत्न) પુરૂષાર્થ; મહેનત; પ્રયત્ન. पुरुषार्थ; मिहनत; प्रयत्न. Effort;

attempt; diligence. प्रव० ६४७; भत्त० ६७; १५१; पंचा० १, ३४; ३५; ४, ३२; ७, २६; १६. ३२; नाया० १; ५; ८; भग० ३, २; विशे० ३७२; सु० च० ४, ३१२; पिं० नि० ११०; (२) કંઠ, તાળું વગેરે સ્થાનનો વ્યાપાર. कंठ, तालु आदि स्थानों की क्रिया. the activity of the organs i. e. throat palate etc. विशे० ५४७; **—छिन्न.** त्रि० (-छिन्न) મહેનતથી કાપેલ; બહુ પ્રયત્ને છેદાએલ. कष्ट से काटा हुआ, प्रयत्न पूर्वक छेदा हुआ cut by a great effort. दस० ७, ४२; **—पक्क.** त्रि० (-पक्व) પ્રયત્નથી પાકેલ, પકાવેલ. प्रयत्नपूर्वक पकाया हुआ. matured by effort. दस० ७, ४२; **— लट्ठ.** त्रि० (-लष्ट) મહેનતથી સુંદર બનેલ. मिहनत द्वारा सुन्दर बना हुआ. made beautiful industriously. दस० ७, ४२;

पयत्त. त्रि० (प्रवृत्त) કામમાં લાગેલું; ઉદ્યમવંત. काम में लगा हुआ; उद्यम शील. Industrious. जं० प० ५, ११५; नाया० ६; १३; भत्त० २, १; ३, १;

पयत्त. न० (पदात्त) ગેયના ચાર પ્રકારમાંનો બીજો પ્રકાર; પાદલબ્ધ-ચરણ બદ્ધ ગીત. चार प्रकार के गान में से दूसरे प्रकार का गाना; पादलब्ध-चरण बद्ध गीत. The second variety of the four varieties of songs; versified song. राय० ९६; जं० प०

पयत्तओ. अ० (प्रयत्नतस्) પ્રયત્નથી. प्रयत्नपूर्वक; परिश्रम द्वारा. With effort. प्रव० ९९८;

पयत्तज. त्रि० (प्रयत्नज) પ્રયાસથી ઉત્પન્ન થયેલ. परिश्रमपूर्वक प्राप्त- उत्पन्न. Produced through effort. विशे० २८२५;

पयत्ताय. न० (पदत्रात) ગીત વિશેષ. गीत-विशेष. A particular song. राय० १३१;

पयत्थ. पुं० (पदार्थ) વસ્તુ. वस्तु; चीज. Substance. विशे० ४४;

पयन्न. न० (प्रकीर्णक) પઈન્ના-શાસ્ત્ર વિશેષ. पइन्ना-शास्त्र विशेष. A particular minor scripture; book known as Painnā. प्रव० ६७०;

पयर. पुं० न० (प्रतर) આકાશ પ્રદેશની લાંબી અને પહોળી પંક્તિ. आकाश प्रदेश की लम्बी और चौडी पंक्ति. A long and broad space of the sky. (२) થર; પડ. प्रस्तर; थर; पुट. layer; stratum. भग० १३, ४; ३४, १; विशे० ५९०; पन्न० १; अणुजो० १३४; ओघ० नि० २८८; क० गं० ५, ६७; (३) પતરું. पतरा. a sheet of metal. कप्प० ३, ४४; **—आयत.** न० (-आयत) પ્રતરરૂપે આયત સંઠાણ. प्रस्तररूप आयत संठाण. a kind of physical structure. भग० २५, ३; **—परिमंडल.** न० (-परिमंडल) પ્રતરરૂપે પરિમણ્ડલ સંસ્થાન. प्रस्तराकार परिमंडल संस्थान. a kind of circular lairy structure. भग० २५, ३; **—भेद.** पुं० (-भेद) પ્રતરરૂપે ભેદ; કોઇ વસ્તુને ભેદતાં તેના પડ ઉખડે તે. प्रस्तराकार भेद; किसी वस्तुको अलग करते समय जुदे होनेवाले उसके थर. the coming out of layers in breaking a thing. पन्न० ११; **—रज्जु.** पुं० (-रज्जु) જેની લંબાઇ તથા પહોળાઇ હોય અને જાડાઇ ન ... તે

રાજપરિમાણ. वह राज परिमाण जिसकी लंबाई चौडाई तो रहती है परन्तु मोटाई नहीं होती. a surface measure of field. प्रव० ६२१; —वट्ट. न० (-वृत्त) પ્રતર વૃત્તરૂપ વાટલો સંઠાણ. प्रस्तराकार वृत संठाण. a circular shape of a layer. भग० २५, ३;

पयर. पुं० (प्रकर) સમૂહ. समूह; निकर; झुण्ड. Collection. कप्प० ३, ३४; ३६;

पयरग. पुं० (प्रतरग) એક જાતનો સોનાનો દાગીનો. सुवर्ण अलंकार विशेष. A kind of golden ornament. जीवा० ३, ३; जं० प० ५, ११६; नाया० १; राय० ११०; भग० २५, ३; (२) ઘોડાનો શણગાર. घोडे की सजावट-का श्रृंगार. a decoration of horse. जं० प० (३) પત્ર; પંખડી. पत्र; पंखडी. a bud: a pestle. जीवा० ३, ४;

पयरतव. न० (प्रतरतपस्) શ્રેણીને શ્રેણી ગુણી કરતાં પ્રતરથાય દાખલા તરીકે ચાર કોષ્ટકની શ્રેણી હોયતો ૧૬ કોષ્ટકનું પ્રતરથાય જેમકે ક્રમથી એક, બે, ત્રણ, ચાર વગેરે અહીં બતાવ્યા પ્રમાણે ઉપવાસ કરવા તે પ્રતર તપ. श्रेणी बद्ध गुणा करने पर प्राप्त होने वाला प्रस्तर, उदाहरणार्थ, यदि चार कोष्टक की श्रेणी हो तो १६ कोष्टक का प्रस्तर होगा यथा यहां बतलाये हुए १, २, ३, ४ आदि क्रम से किया जाने वाला प्रतर तप. The arrangement of numbers in this diagram according to permutation; fasting according to the serial order of the figures as shown in the diagram.

१	२	३	४
२	३	४	१
३	४	१	२
४	१	२	३

1	2	8	4
2	3	4	1
3	4	1	2
4	1	2	3

This is known as Pratara penance. उत्त० ३०, १०;

पयलपयला. स्त्री० (प्रचलाप्रचला) ચાલતાં ચાલતાં ઉંઘવું તે; દર્શનાવરણીય કર્મનો એક પ્રકાર; चलते फिरते आने वाली एक तरह की निद्रा; दर्शनावरणीय कर्म का एक प्रकार. A heavy drowsiness while walking; a variety of sight-obscuring Karma. क० गं० १, ११;

पयला. स्त्री० (प्रचला) દર્શનાવરણીયની એક પ્રકૃતિ કે જેના ઉદયથી બેઠા ૨ પણ નિદ્રા આવે તે; નિદ્રાનો એક પ્રકાર. दर्शनावरणीय की एक प्रकृति जिसके कारण बैठे २ नींद आने लगे; निद्रा विशेष. Drowsiness; a variety of sight-obscuring Karma at whose onset a man sleeps while sitting; a kind of sleep. क० गं० १, ११; ५, ६२; दसा० ६, १; पन्न० २३; उत्त० ३३; ५; ठा० ६, १; अणुजो० १२७; सम० ६;

पयलाइय. पुं० (प्रचलादिक) સર્પની એક જાત. सर्प विशेष. A kind of serpent. पन्न० १;

पयलापयला. स्त्री० (प्रचलाप्रचला) બલદની પેઠે ચાલતાં ચાલતાં ઉંઘ આવે તે; દર્શનાવરણીય કર્મની એક પ્રકૃતિ. बैल के समान मस्त चाल से चलते चलत आने वाली गाढ निंद्रा; दर्शनावरणीय कर्म की एक प्रकृति.

A heavy drowsiness (as in the case of a bullock while walking); a variety of sight-obscuring Karma. पन्न० २३; उत्त० ३३, ५; ठा० ६, १; अणुजो० १२७;

पयालिय. त्रि० (प्रगलित) ઝરેલું. झरा हुआ; गला-हुआ. Trickled. नाया० १;

पयालिय त्रि० (प्रचलित) ચલાયમાન થયેલ. प्रचलित; चला हुआ. Shaken. नाया० ८;

पयालिअ. त्रि० (प्रदलित) નાશ કરેલું; ચૂર્ણ કરેલું. नष्ट किया हुआ; चूर चूर किया हुआ. Destroyed; pulverised. कप्प० ३, ३६;

पयाविभाग. पुं० (पदविभाग) પદવિભાગ નામે સામાચારી; સામાચારીનો એક પ્રકાર. पदविभाग नामक सामाचारी; सामाचारी का एक प्रकार. A Sāmāchārī of this name; a class of Samāchārī. प्रव० २३; विशे० २०४०;

पया. स्त्री० (प्रजा) રૈયત; પ્રજા. प्रजा; रैयत; प्रकृति. Ryot; subjects. (२) સંતતિ; પરિવાર. सन्तति; परिवार. progeny; family. उत्त० ३, २; आया० १, ३, २, ११४; सूय० १, २, २, २२; १, १०, ३; जं० प० २, ३०; पंचा० ७, ३७; —**हिअ.** न० (-हित) પ્રજાનું હિત. प्रजा का हित. the welfare of the subject. कप्प० ७, २१०;

पयाअ-य. त्रि० (प्रयात) જાવેલ; વિસ્તરેલ. गया हुआ; विस्तृत; फैला हुआ. Departed; spread. भग० ११, १०; आया० २, ४, २, १३८; —**साहा.** स्त्री० (-शाखा) વિસ્તરેલ શાખા; વૃક્ષની ડાલી. वृक्षकी फैली हुई शाखा. an extended branch of a tree. दस० ७, ३१;

पयाण. न० (प्रतान) વિસ્તારપૂર્વક સ્વપ્ન-દર્શન; સ્વપ્નના પાંચ પ્રકારમાંનો બીજો પ્રકાર. विस्तृत स्वप्न दर्शन; स्वप्न के पांच प्रकार में से दूसरा प्रकार. Dreaming at length; the second variety of the 5 varieties of dreams. भग० १६, ६;

पयाण. न० (प्रदान) આપવું; સોંપવું. देना; सौंपना; जिम्मे करना. Handing over. ओव०; ४०; पंचा० १, १८; उवा० १, ४३;

पयाण. न० (प्रयाण) જવું; પ્રયાણ કરવું. जाना; प्रयाण-प्रस्थान करना. Departure. प्रव० ६३७;

पयात. त्रि० (प्रजात) પ્રસવ થયેલ; જન્મ પામેલ. प्रसूत; उत्पन्न; जन्म प्राप्त. Born; produced. नाया० १; २; ८; १४; भग० ११, १०; ११; १५, १;

पयायार. पुं० (प्रदातृ) ઘણો ઉદાર; દાતા. अति उदार; औढर दानी. Very noble or munificent. विशे० ३४४५;

पयार. पुं० (प्रचार) પ્રવર્તન; પ્રવૃત્તિ. प्रवर्तन; प्रवृत्ति; प्रचार. Activity; promulgation. ओव० १६; नाया० १; भग० ७, ६; २५, ७; सु० च० १, ३१८;

पयार. पुं० (प्रकार) પ્રકાર-રીતિ; ભેદ. प्रकार; रीति; भेद. Kind; variety. प्रव० ८४६; नाया० १; सम० ६; अणुजो० १२८;

पयारण. न० (प्रतारण) ઠગાઈ; છેતરવું તે. ठगी; धोखाबाजी; विश्वासघातकता. Deceiving; cheating. पंचा० ३, ३६;

पयाव. पुं० (प्रताप) પ્રતાપ; તેજ. प्रताप; तेज; शौर्य. Majesty; lustre; valour. सु० च० १, ३४; दस० ६, ३५;

पयावइ. न० (प्रजापति) ૧૯માં મુહૂર્તનું નામ. १९वें मुहूर्त का नाम. The name of the nineteenth Muhūrta. सू०

प० १०; जं० प० ७, १५७; (२) રોહિણી નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. रोहिणी नक्षत्र का अधिष्ठाता देवता. the presiding diety of the Rohiṇī planet. अणुजो० १३१; (३) કૃત્તિકા નક્ષત્રનો સ્વામી-દેવતા. कृत्तिका नक्षत्र का स्वामी-अधिपति देवता. the deity of the Kṛittikā planet. ठा० २, ३; (४) પહેલા વાસુદેવ અને બલદેવના પિતાનું નામ. पहिले वासुदेव तथा बलदेव के पिता का नाम. the name of the father of the first Vāsudeva and Baladeva. सम० प० २३५;

पयावण. न० (प्रतापन) તપાવવું. गरम करना; तपाना. Heating. पिं० नि० ३४;

पयावण. न० (पाचन) બીજા પાસે રસોઇ કરાવવી તે. दूसरे से भोजन बनवाना. Cooking of food by another. उत्त० ३५, १०; सूय० २, २, ६२; पण्ह० १, १;

पयास. पुं० (प्रकाश) પ્રકાશ; અજવાળું. प्रकाश; उजेला. Light. (२) પ્રગટ; ખુલ્લું. प्रकट; खुला. open; revealed. विशे० ५१०; २८१७; सु० च० ३, ८५; **—यर.** त्रि० (-कर) પ્રકાશ કરનાર. प्रकाश करने वाला; उजेला देने वाला. publisher; illuminer. आउ० २,७;

पयास. पुं० (प्रयास) પ્રયત્ન; ઉદ્યમ. प्रयत्न; उद्यम; परिश्रम. Effort; industry. पंचा० ६, ३;

पयासणिज्ज. त्रि० (प्रकाशनीय) પ્રકાશ કરવા યોગ્ય. प्रकाश करने योग्य. Fit to be illumined. विशे० ३४७;

पयासय. त्रि० (प्रकाशक) પ્રકાશ કરનાર. प्रकाशित करने वाला; प्रकाशक. Publisher; enlighter. प्रव० ७०५;

पयासरूव. न० (प्रकाशरूप) પ્રકાશમાન સ્વરૂપ. प्रकाशमान स्वरूप. Luminous. क० गं० १;

पयासिय. त्रि० (प्रकाशित) પ્રકાશિત થયેલ; प्रकाशित; प्रकटित-प्रसिद्धि पाया हुआ. Published; done. सम० ५;

पयाहिण. त्रि० (प्रदक्षिण) જમણી તરફનું; જમણી બાજુ વળતું. दाहिनी ओर घूमता हुआ. Of the right side; turning towards the right. जं०प०५, ११२; ७, १४०; ओव० १०; **—आवत्त.** त्रि० (-आवर्त) જમણી તરફ જેનો આવર્ત્ત (વળ) હોય તે. दाहिनी ओर के घुमाव वाला. (one) having a bend on the right side. पंचा० १४, ३२; भग० १, १; जीवा० ३, ३;

पयाहिणा. स्त्री० (प्रदक्षिणा) પ્રદક્ષિણા; ફરવું; આવર્તન દેવું તે. प्रदक्षिणा; चक्कर लगाने या परिक्रमा देने का कार्य. The act of going round; circumambulation. भग० १, १; २, १; ३, १; ४१, ३२; नाया०१; ८; १३; १६; राय०२६; प्रव० ६६; कप्प० ४. ६६; उवा० १, १; ७, १६०, पंचा० २, २२; ओव० २२;

पयाहिणीकरेउं. सं० कृ० अ० (प्रदक्षिणीकृत्य) પ્રદક્ષિણા દઇને. प्रदक्षिणा देकर; परिक्रम्य. Having gone round. सु० च० १, ३६३;

पयोग. पुं० (प्रयोग) ઉપાય; સાધન. उपाय; साधन. Means; instrument. (२) જીવનો વ્યાપાર. जीव का व्यापार. activity of a living being or a soul. **पयोगसा.** तृ०ए० राय०२८६; भग० ५, २; भग० ६, १; ३; (२) વાદ વિવાદ કરવો તે. वाद विवाद करना; वाद विवाद. debating. ठा० ८, १; **—परिणय.** त्रि०

(-परिणत) પ્રયોગથી-જીવવ્યાપારથી પરિણામ પામેલ. प्रयोग द्वारा-जीवव्यापार द्वारा परिणमित. one attaining maturity by the activity of a soul. भग० ८, १; **—संपया.** स्त्री० (-सम्पत्) વાદ કરવાની સંપદ-શક્તિ. वाद शक्ति; वाद विवाद करने की सामर्थ्य. the power to debate. ठा० ८, १;

पयोधर. पुं० (पयोधर) સ્તન. स्तन. Breast. (२) બાદળ. मेघ a cloud. जीवा० ३, ३;

पयोयण. न० (प्रयोजन) કારણ; વ્યાપાર. कारण; व्यापार. Cause; reason. पण्ह० २, १; नाया० १६;

पयोहर. पुं० (पयोधर) જુઓ "पयोधर" શબ્દ. देखो "पयोधर" शब्द. Vide. "पयोधर." नाया० १;

पर. त्रि० (पर) અન્ય; બીજું; પોતાસિવાયનું; પારકું. अन्य; दूसरा, अपनेसे भिन्न; पराया. Another; second; not one's own; stranger. उत्त० १, १६; २, १०; २०; ओव० ३८; भग० १, ६; २, ५; ५, २; ७, १; ६, ३३; नाया० १; २; ३; ७; दस० ५, २, २७; ६, १५; ३८; ४०; ८, ६२; ९, ४, २३; दसा० ६, १; ४; वेय० १. ३३, ६; निसी० १, ४७; २, २८; ११, १४; पिं० नि० १०४; ११४; १७३; १८१; पन्न० १ १४; उवा० १, ४४; ५७; क० प० ४, २३; गच्छा० ११३; क० गं० १, ५४; २, २३; ३, ६; २०; पचा० ६, १; १६, १; (२) पुं० શત્રુ; દુશ્મન. शत्रु; दुश्मन; वैरी. an enemy. भग० १, ७; (३) ઉપરાન્ત; વધારે. उपरांत; अधिक; विशेष. more. निसी० १, ४७; ४६; (४) પરલોક. परलोक; परत्र. the other world. ठा० ४, ३; (५) મોક્ષ. मोक्ष. Salvation. त्रिशे० २६८१; (६) ઉત્કૃષ્ટ. उत्कृष्ट; श्रेष्ठ; उत्तम. best. नाया० १; (७) તત્પર; સાવધાન. तत्पर; उद्यत; सावधान. ready; cautious. पण्ह० १, २; (८) ન૦ એક જાતનું ઘાસ. एक प्रकार का घास. a kind of grass. पण्ह० २, ३; **—अंतकर.** त्रि० (-अन्तकर) બીજાને ઉપદેશ આપી તેના ભાવનો અન્ત લાવનાર-અર્થાત્ પારકાને મોક્ષે પહોંચાડનાર. दूसरों को उपदेशद्वारा मुक्ति प्राप्त करानेवाला. one who makes others to attain salvation by advising them. ठा० ४, २; **—अणीय.** न० (-अनीक) શત્રુનું લશ્કર. शत्रुसेना; दुश्मनकी फौज. an enemy's army. भग० १, ७; **—अणुकंपअ.** त्रि० (-अनुकम्पक) પારકાનું હિત ચાહનાર; દયાળુ. दूसरों का भला चाहने वाला; दयालु; परोपकारी. compassionate over others. ठा० ४, ४; **—अणुमय.** त्रि० (-अनुमत) બીજાને અભિપ્રેત-ઇષ્ટ. दूसरों द्वारा इच्छित; परानुमत-प्रिय. desired or appreciated by another. त्रिशे० ६५; **—अहिगरणि.** त्रि० (-अधिकरणिन्) પરના ઉપર અધિકાર કરનાર. दूसरों का अधिकारी. an officer over others. भग० १६, १; **—अहीण.** त्रि० (-अधीन) પરતંત્ર; ગુરુને આધીન. परतंत्र; गुरु के आधीन. dependent; subordinate to a preceptor. त्रिशे० ५५७; ८३८; **—आगर.** न० (-आगार) પારકું ઘર; ગૃહસ્થીનું ઘર. दूसरे का घर. another's house; the house of a householder. दस० ८, १६; **—आरंभ.** त्रि० (-आरम्भ) પોતે આરમ્ભ ન કરે પણ બીજાની પાસે જીવોની હિંસા કરાવે તે;

परारम्भी. परारंभी–वह जो स्वयं तो आरंभ न करे परन्तु दूसरों से हिंसा करावे. one who does not kill himself but causes others to kill. भग० १, १; **—आहुत्त.** त्रि० (–अभिमुख) બીજી તરફ મોઢું રાખી બીજાની સાથે વાતચીતમાં વળગેલ. दूसरी ओर मुंह फेर कर दूसरों के साथ बातचीत में लगा हुआ. (one) engaged in conversing with others while turning one's face to the other side. " वक्खित्तपराहुत्त पमत्तेमाकयाइ आलाए" ओघ० नि० ५१४; प्रव० १२४; **—उवक्कम.** पुं० (–उपक्रम) પારકો ઉપક્રમ-પ્રયત્ન. दूसरे का प्रयत्न–उपक्रम. the effort of another. भग० २०; १०; **—उवघाइणी.** स्त्री० (–उपघातिनी) પરનો નાશ કરનારી (ભાષા). दूसरों का नाश करने वाली (भाषा). language that destroys others. दस० ७, ५४; **—कड.** त्रि० (–कृत) પરને માટે કરેલું; સાધુ માટે કરેલું નહિ. दूसरों के लिए किया हुआ; साधुओंके लिए नहीं. done for others; not done for an ascetic. उत्त० १, ३४; भग० १, ६; १७, ४; **—कम्म.** न० (–कर्मन्) બીજાનાં કર્મ; બીજાના માટે કરેલા કર્મ. दूसरों के कर्म; दूसरों के लिए किए गए कर्म. acts of others; acts done for others. जं० प० ७, १६६, ५, ११८; भग० ३, ५; २०, १०; २५, ८; पिं० नि० १०६; १०८; **—कसाय.** पुं० (–कषाय) બીજાનો કષાય–ક્રોધાદિ. दूसरे का कषाय–क्रोधादि. the passion, anger etc. of the others. गच्छा० ६७; **—किरिया.** स्त्री० (–क्रिया) પર–સાધુ શિવાય–ગૃહસ્થની ક્રિયા–ચેષ્ટા. पर–साधु के सिवाय–गृहस्थ की क्रिया–चेष्टा. the affairs of a householder. आया० २, १३, १७२; पिं० नि० १०८; **—गाम.** न० (–ग्राम) બીજાનું ગામ. दूसरे का ग्राम –गांव. another's village. पंचा० १३, १३; **—घर.** न० (–गृह) પારકું ઘર; ગૃહસ્થનું ઘર. पराये का घर; गृहस्थ का घर. another's house; house of a householder. दस० ५, २, २७; प्रव० २७६; **—घरप्पवेस.** पुं० (–गृहप्रवेश) પારકા ઘરમાં પ્રવેશ કરવો તે; ભિક્ષા માટે ફરવું. दूसरों के घरों में भिक्षा के लिये प्रवेश करना–घुसना. to enter other's house or to wander for begging. ठा० ६, १; **—चक्क.** न० (–चक्र) પરશત્રુની સેના; શત્રુની સેનાનાં ભયજનક કાર્ય. पर–शत्रुकी सेना; शत्रु सेना के भीषण–भयोत्पादक कार्य. an enemy's army; havoc caused by an enemy's army. सम० ३४; नाया० ९; **—छंद.** न० (–च्छन्दस्) પારકો છન્દો; બીજાનો અભિપ્રાય. दूसरे की इच्छा–अभिप्राय, छंद. the wish of another. ओव० २०; **—छंदाणुवत्तिय.** त्रि० (–च्छन्दानुऽवर्तिक) પારકાના અભિપ્રાયને અનુસરનાર. दूसरों के अभिप्राय का अनुकरण करने वाला. (one) who follows the wishes of others. ठा० ४, ४; भग० २५, ७; **—जूरणया.** स्त्री० (–*जूरणता) બીજાને રોવરાવવું; ઝુરણા કરાવવી તે. दूसरों को रुलाना; दूसरों का झुराना–याद में दुखी करना. causing others to weep or pine. भग० ७, ६; **—(ऽ) ट्ठ.** पुं० (–अर्थ) પરને અર્થે; બીજાને માટે. दूसरों के लिये; परार्थ. for another; for

the sake of another. उत्त० १, २५; दस० ६, १२; ९, २, १३; भत्त० १; —ठाण. न० (-स्थान), પારકું સ્થાન; ઠેકાણું. पराया स्थान-जगह-ठिकाना. a strange place. भग० २५, ४; ६; क० प० २, ६३; —तिगिच्छिअ. त्रि० (-चिकित्सक) પારકાની ચિકિત્સા જાણે પણ પોતાની જાણે નહિ તે. दूसरों की चिकित्सा कर सकने पर भी अपनी चिकित्सा न कर सकने वाला. (one) who heals others but not himself ठा० ४, ४; —त्थ. त्रि० (-अर्थ) પરલોકના સુખની ઇચ્છાવાળો. पारलौकिक सुख का इच्छुक. (one) desirous of paradise. ठा० ४, ३; (२) पुं० મોક્ષ માટે. मोक्ष के लिये. for salvation. विशे० २६८१; —दत्त. त्रि० (-दत्त) બીજાએ આપેલું. दूसरोंद्वारा दिया हुआ. bestowed by another. आया० २, ७, १, १५५; —दार. पुं० (-दार) પારકી સ્ત્રી. दूसरेकी-पराये की पत्नी-स्त्री another's wife. पंचा० १,१५; —दाराप्रसंगि. पुं० (-दाराप्रसंगिन्) પરસ્ત્રી લંપટ. परस्त्री लंपट; व्यभिचारी. an adulterer. ना० १८; —दुक्खणया. स्त्री० (-दुःखनता—दुःखदान) બીજાને દુઃખ દેવું તે. दूसरों का पीडन; परपीडन. troubling another. भग० ७, ६; ८, ९; —धण. न० (-धन—परेषां धनम्) પારકું ધન. पराया धन; बिरानी दौलत. another's wealth. विशे० ४१; भत्त० १०२; —धम्मिय. त्रि० (-धार्मिक—परस्यधर्मस्तत्रकुशलः) અસમાન ધર્મવાળું; પરધર્મી. असमान धर्मवाला; परधर्मी; विधर्मी. possessing another characteristic or religion. वेय० ४, ३; —निमित्त. न० (-निमित्तरञ्चतन्निमित्तंच) બીજું નિમિત્ત, કારણ. दूसरा निमित्त; अन्य कारण. another reason or cause. विशे० ६४; —पइट्ठिअ. त्रि० (-प्रतिष्ठित) બીજાના આશ્રયથી પ્રતિષ્ઠા પામેલ-ઉત્પન્ન થયેલ. दूसरों के आश्रय द्वारा प्रतिष्ठा प्राप्त-उत्पन्न. one stationed or produced by the help of others. ठा० २, ४; ४, १; —पक्ख. पुं० (-पक्ष-परश्चासौपक्षश्च) અન્ય પક્ષ-ગૃહસ્થ વર્ગ. अन्यपक्ष-गृहस्थ वर्ग. the other side; the class of householders. पिं० नि० ६५; —पक्खक्खमण. त्रि० (-पक्षक्षमण) બીજા પક્ષને સહનાર. परपक्ष को सहन करने वाला. (one) bearing the other side. नाया० ११; —परियावणया. स्त्री० (-परितापना) બીજાને સંતાપવું તે; પરને દુઃખ આપવું તે. परपीडन; दूसरों को दुःख देना. troubling another. भग० ७, ६; —परिवाइय. त्रि० (-परिवादक) બીજાનું વાંકું બોલનાર; નિન્દક. दूसरे की बुराई करने वाला; परनिन्दक. a back biter; a reviler. ओव० ४१; —परिवाद. पुं० (-परिवाद) પારકી નિન્દા. पराई निन्दा; दूसरों की बुराई. another's censure. नाया० १; —परिवाय-अ. पुं० (-परिवाद) પારકી નિંદા કરવી તે. दूसरों की निन्दा करने का कार्य; परनिन्दा. censuring others. सम० ५२; ओव० ३६; भग० १, ६६; १२, ५; पन्न० २२; कप्प० ५, ११७; प्रव० १३६६; —पाणपरियावण. न० (-प्राणपरितापन) બીજા પ્રાણીને સંતાપવું-દુઃખ દેવું તે. दूसरे प्राणि को पीडा पहुँचाने का कार्य; परपीडन. troubling other beings. दसा० ६, ४; —पाय. न० (-पात्र) પારકું

पात्र. दूसरे का पात्री-बर्तन. another's utensil. निसी० ३, ८२; **—पासंडपडिमा.** स्त्री० (-पाषण्डप्रतिमा) અન્ય ધર્મીનો સંપ્રદાય. विधर्मी का संप्रदाय-पंथ. a sect of another religion. वव० १, ३५; **—पिट्ठणया.** स्त्री० (-पिष्टनता-मारण) બીજાને પિટવું મારવું તે. दूसरों को मारने का कार्य. beating another. भग०७,६; **—पुट्ठ.** पुं०(-पुष्ट-परेण-काकेनपुष्टःपालितः) કોયલ. कोकिल; परभृत; कोयल. cuckoo. राय० ५०; पन्न० १७; **—पयोग.** पुं० (-प्रयोग) પારકાનો પ્રયોગ વ્યાપાર પ્રવૃત્તિ. दूसरे का प्रयोग-व्यापार-प्रवृत्ति. the industry of another भग०३, ४५; १६, १; १७, ३; २०, १०; २५, ८; ३२, १; **—पवित्त.** त्रि० (-प्रवृत्त) બીજાને માટે કરેલું-બનેલું दूसरों के लिये किया हुआ, बना हुआ; made for another. उत्त० १२, ६; **—बल.** न० (-बल) પર શત્રુનું લશ્કર. दूसरे की-शत्रु की सेना; दुश्मन की फौज an enemy's army. विवा० ५; **—बोहण.** न० (-बोधन) બીજાને બોધ આપવો તે. दूसरों को उपदेश देने-सिखाने का कार्य; परोपदेश. giving of counsel to another. विशे० १७२; **—भव.** पुं० (-भव) બીજો ભવ; જન્માન્તર. दूसरा जन्म; जन्मान्तर. another life भग० २; नाया० १३; **—भाववंकणया.** स्त्री० (-भाववक्रता) જુઠું લખી પારકાને છેતરવું તે. मिथ्या बात लिख कर किसी को ठगना. deceiving another by writing falsely. ठा० २, १; **—मत्त.** न० (-अमत्र) પરનું-ગૃહસ્થનું ભાજન-વાસણ. परायेका-गृहस्थ का पात्र-बर्तन. a utensil of another or of a house-holder. सूय० १, ६, २; **—मय.** न० (-मत) બીજાનો મત-માન્યતા. दूसरों का मत-सिद्धान्त. the principle of another. विशे० ३१५; **—लाभेहा.** स्त्री० (-लाभेहा) બીજા પાસેથી લાભની ઇચ્છા કરવી તે. दूसरे से-पराये से लाभ प्राप्ति की इच्छा. desiring profit from other's. प्रव० ८२३; **—वत्थ.** न० (-वस्त्र) પારકું વસ્ત્ર. पराया वस्त्र. another's garment. निसी० १२, ६; **—ववएस.** पुं० (-व्यपदेश) પોતાનું છતાં સાધુની પાસે બીજાનું છે એમ કહેવું. अपना होते हुए भी साधुसे यह कहना कि यह दूसरे का है. telling an ascetic that a thing belongs to another although it is one's own. पंचा० १, ३२; **—वस.** त्रि० (-वश -परस्य परेषां वा वशः) પરાધીન; પરવશ परतंत्र; पराधीन. dependent; subordinate. नाया० १६; नाया० ध० तंदु० **—वागरण.** न० (-व्याकरण—व्याक्रियन्ते सदुपदेशत्वेन स्फुटीक्रियन्ते मोक्षोपयोगिवचांसि यया इति) પારકો ઉપદેશ; બીજાનું કથન. परोपदेश; दूसरे को दिया हुआ बोध-ज्ञान. an advice to another. आया० १, १, १, ४; (२) તીર્થંકરના આગમ તીર્થંકર के आगम. trustworthy affirmation of Tirthaṅkara. आया० १, ५, ६, १६७; **—वाय.** पुं० (-वाद) બૌદ્ધાદિના સિદ્ધાન્તનો વાદ; પર મતની યુક્તિ પ્રયુક્તિ. बौद्धादिके सिद्धान्तों का वाद; परधर्म की युक्ति प्रयुक्ति. the discussion of other's doctrines such as of the Bauddhas. ओव० १६;—**विम्हयजणण.** त्रि० (-विस्मयजनन) અન્યને વિસ્મય પમાડનારૂં. दूसरों को आश्च-

र्य करानेवाला. Exciting wonder in others; creating wonder in the mind of another person. —**वेयावच्चकम्मपडिमा.** स्त्री० (-वैयावृत्त्य कर्मप्रतिमा) બીજાની સેવાભક્તિ કરવા આહારાદિ લાવી દેવાનો અભિગ્રહ ધારણ કરવો તે. दूसरेकी वेयावच्च करनेके लीये आहार पानी लेआनेका अभिग्रह करना. A vow of service; a vow to serve other saints by bringing food etc. for them. सम०६१; -**सक्खिय.** त्रि० (-साक्षिक) બીજાની સાક્ષીવાળું. दूसरेकी साक्षीयुक्त. Having been witnessed by any other person; having an eye-witness; having a testimony of another person. ओ० नि० ७६४; —**समय.** पुं० (-समय) અન્યદર્શન; જૈનેતર સિદ્ધાંત. जैन शिवायके दर्शन; बौद्धादिकका शास्त्र. A non-jain religion; a non-jain philosophy. भग० १६, ६; नंदी० ६६; —**सोयणया.** स्त्री० (-शोचना) બીજાને શોચ કરાવવો તે. औरोंको दिलगीर करना. Making others sorry; grieving others. भग० ७, ६; —**हड.** न० (-हृत भावेक्तः) બીજાની વસ્તુ હરવી-ચોરવી તે. दूसरे का माल हरना. Robbing a person of something; plundering or stealing something belonging to another person. पण्ह० १, ३;

परं. अ० (परम्) પરંતુ; કિંતુ. पर. But. (२) ઉપરાંત. बाद. Except. (३) ફક્ત. केवल. Only. नाया० ६; १३; १४; वव० १, ५; १३; दस० ६, १, ५; निसी० १६, १०;

परंगमण. न० (परगमन) બીજાનો હાથ પકડી બાળક ચાલતાં શીખે તે. दूसरे का हाथ पकड बालक चलता है वो. Learning to walk by a child with the support of another person. (२) બાળક ચાલતાં શીખે તે વખતે ઉત્સવાદિ કરવામાં આવે તે; ગમન સરકાર. बालक के प्रथम गमन समयमें उत्सवादि करनेमें आता है वो. The ceremoney to be performed at the time when a child learns to walk with someone's support. राय० प० २८८;

परंतम. त्रि० (परतम) બીજાના ઉપર તમો ભાવ રાખનાર. दूसरो के पर तामस भाव रखनेवाला. Angry with others. ठा० ४, २;

परंदम. त्रि० (परंदम) બીજાનું દમન કરનાર. दूसरे कों दमन करनेवाला. An oppressor; a tyrant; one who oppresses others. उत्त० ७, ६; ठा० ४, २;

परंपर. त्रि० (परम्पर) અનંતર નહી તે; એકાદ સમય કે પ્રદેશના આંતરાવાળું. समय या प्रदेशसें व्यवहित. Something divided by time or space (A thing having some distance with some other thing; an event succeeding another event with some difference of time). भग० ५, ४; १३, १; ३०, ६; ३४, १; (२) पुं० વિચ્છેદ ગયેલ બા-

રમા દૃષ્ટિવાદ અંગના બીજા વિભાગ સૂત્રનો છઠ્ઠો ભેદ. विच्छिन्न हुवा बारवां दृष्टिवाद अंग का दूसरा विभाग जो सूत्र उसका छट्टा भेद. The sixth division of the second chapter of one of the 12 Aṅgas or sūtras, called the Dṛushtivāda sūtra which is not existing at present. नंदी० ५६; (३) स्त्री० અનુક્રમ; પરિપાટી. परंपरा. Succession or following respectively. भग० ५, ३; ४; —**आगम.** पुं० (-आगम) શિષ્યાનુશિષ્ય પરંપરાથી આવેલ આગમ. शिष्यानुशिष्य परंपरासें आयाहुवा आगम. A philosophy or a scripture handed over from preceptor to pupil; a shāstra handed over by a preceptor to his pupil and then by him to his pupil and so on. भग० ५, ४; —**आघाय.** पुं० (-आघात) એક પછી બીજાને અનુક્રમપૂર્વક તાડન કરવું તે. अनुक्रमसें ताड़न करना. Giving a blow or punishing, beating, or striking others one by one. भग० ६, १; —**आहारग.** त्रि० (-आहारक) એક સમય વીત્યા પછી બીજે ત્રીજે આદિ સમયે આહાર લેનાર. एक समय व्यवहित समयमें आहार लेनेवाला. One who takes food periodically; i. e. one who does not take his or its food just after the birth but after one or two periods (a period being an indivisible part of time). भग० २६, ७; ३३, ७; —**उववण्णग.** त्रि० (-उपपन्नक) એક સમય વીત્યા પછી બીજા ત્રીજા આદિ સમયોમાં ઉત્પન્ન થયેલ. प्रथम समय बाद दूसरा तीसरा आदि समयमें उत्पन्न हुवे. Born or created after one "Samaya" or more (A samaya means an indivisible period of time). भग० १३, १; १४, १; २६, ३; ३३, ३; —**ओगाढग.** त्रि० (-अवगाढक) એક સમયથી વધારે સમય સુધી આકાશ પ્રદેશને અવગાહી રહેલ. दो तीन आदि समय पर्यन्त आकाश प्रदेशको अवगाह कर रहनेवाला. One who stays or exists by touching space for more than one "Samaya". भग० १, ६; १३, १; २६, ४; ३३, ५; ठा० २, २; —**खेत्तोवगाढ.** त्रि० (-क्षेत्रावगाढ) એક પ્રદેશ મુકયા બાદ બીજા ત્રીજા આદિ આકાશ પ્રદેશને અવગાહીને રહેલ. द्वितीय तृतीय आदि आकाश प्रदेशकों अवगाह कर रहनेवाला. One who exists or stays by touching the second or third or any other division of space. भग० ६, १०; —**गंठिया.** स्त्री० (-ग्रन्थिका) પરિપાટીપૂર્વક આપેલી ગાંઠ. अनुक्रमसें दीहुइ गांठ. Knots in succession. भग० ५, ३; —**गय.** त्रि० (-गत) સંસાર પરંપરાથી નીકળી ગયેલ. संसार प्रवाहसे छुटा हुवा. One who has made himself free from the cycle of births and deaths;

one who has attained salvation. भग० २, १; —पज्जत्तग. त्रि० (पर्याप्तक) એક સમય વીત્યા પછી બીજે ત્રીજે આદિ સમયે પર્યાપ્ત થયેલ. दुसरे तीसरे आदि समयमें पर्याप्त बनाहुवा. One who has attained a full development of the characteristics of the body into which his soul is to incarnate, after second or third "Samaya." भग० २६, ६; ३३, ६; —परूढ. त्रि० (-प्ररूढ) પરંપરાથી રૂઢ થએલું. परंपरासे आयाहुआ. Conventional. भग० ११, ११; —बंध. पुं० (-बन्ध) એક સમયથી વધારે સમયનો થયેલ બંધ. द्वि त्रि आदि समयका बन्ध. A relation of soul and "karma" taking place after more than one "Samaya." भग० २०, ७; —सिद्ध. पुं० (-सिद्ध) એક સમય પહેલાં બીજા ત્રીજા આદિ સમયમાં થયેલ સિદ્ધ ભગવાન્. दो तीन आदि समयसें सिद्धिपद पाये हुवे. One who attains salvation during the second or the third "Samaya." नंदी० २०; पन्न० १; ठा० २, १; भग० २५, ४;

फग्गुण. पुं० (फाल्गुन) ફાગણ મહિનો; ફાલ્ગુન માસ. फाल्गुन मास; फागन महिना The Hindu month of Fālguna. उत्त० २६, १५; सम० २८; सु० च० ३, ५२; जं० प० २, ३१; नाया० ५; ओघ० नि० २८५; कप्प० ७, २१२; —**सुद.** पुं० (-शुद्ध) ફાલ્ગુન સુદ–શુક્લ પક્ષ. फाल्गुन शुक्ल (पक्ष). The bright-half of the Fālguna month. नाया० ८;

फग्गुणी. स्त्री० (फाल्गुनी) પૂર્વા ફાલ્ગુની તથા ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર. पूर्वा फाल्गुनी और उत्तरा फाल्गुनी नक्षत्र. The constellations Purvā and Uttarā Fālguni. ठा० २, ३; सू० प० १०; (२) ફાગણ મહિનાની પુનેમ. फाल्गुन मासकी पूर्णिमा. जं० प० ७, १६१; (३) સાલિણીપિયા નામના શ્રાવકની સ્ત્રી. सालिणीपिया नामक श्रावककी स्त्री. Wife of a layman named Fāliṇīpīyā. उवा० १०, २७३;

फग्गुमित्त. पुं० (फल्गुमित्र) એક મુનિનું નામ. एक मुनिका नाम. Name of a sage. कप्प० ८;

फडाडोव. पुं० (फटाटोप) ફેણ વિસ્તારવી તે; ફેણ ચડાવવી તે. फेन विस्तरण; फेन

उठाना. Spreading or causing foam. भग० १५, १; नाया० ६;

फड्ड. न० (फड्ड) આત્માની જ્ઞાન જ્યોતિને બહાર નિકળવાનું સ્થાન-જેમ વસ્ત્રાદિકની જાળીવતી વીંટાયેલ દીપક પોતાનો પ્રકાશ છિદ્રાદિદ્વારા બાહેર પાડી શકે છે, એટલે કે પ્રકાશને નિકળવાનું સ્થાન જેમ વસ્ત્રની જાળી છે તેમ અવધિજ્ઞાનને પ્રગટવાના સ્થળને " ફડ્ડક " કહે છે. आत्माकी ज्ञान ज्योतिको बाहर निकलनेका स्थान-जिस भाँति वस्त्रादिकी जालद्वारा घिराहुआ दिपक स्वप्रकाशको छिद्रादिद्वारा बाहर पहुँचा सकता है, अर्थात् प्रकाशके बाहर फैलनेका स्थान जिस तरह वस्त्रकी जालमेंसे है तथैव अवधिज्ञानको प्रकट करनेके स्थलको "फड्ड" कहते है. The outlet of the light of knowledge of a soul, just as a lamp throws a ray out of any hole in a cloth surrounding it so the outlet of a limited knowledge is called " फड्ड ". विशे० ७३८; (२) કાદવનો પિંડો. मिट्टीका गोला; कीचका गोला. A ball of clay or mud. पिं० नि० २५३;

फड्डग. पुं० (स्पर्धक) આકાશ પ્રદેશની એક શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલી વર્ગણાનો એક સ્પર્ધક થાય છે. आकाश प्रदेशकी एक श्रेणिके असंख्यातवें भागके बराबर वर्गणाकी स्पर्द्धक होती है. A group of class of an innumerable portion of a row of a unit of space occupied by an atom. क० प० १, ५; २२; ३१; २, ४४; ३, ७; ५, ४६; —**दुग.** न० (-द्विक) બે સ્પર્ધક. दो स्पर्द्धक. Two Spardhakas. क० प० ७, ४६; —**निद्दे स.** पुं० (-निर्देश) સ્પર્ધક-પરમાણુ વર્ગણાના સમૂહનો નિર્દેશ-કથન. स्पर्द्धक-परमाणु वर्गणाके समूहका निर्देश-कथन. A description of Spardhaka. क० प० २, ४४;

फड्डय. न० (स्पर्धक) તીવ્ર મન્દ વગેરે ભેદ યુક્ત રસ વિશેષ; રસવર્ગણાનો જત્થો. तीव्र मन्द आदि भेद युक्त रस विशेष; रसवर्गणाका समूह. A group of collection of taste; a particular taste having sharp or dull varieties. विशे० २८८५; (२) કટકો; કકડો. टुकड़ा. A piece. ओघ० नि० भा० १११;

फड्डाफड्डि. अ० (फड्डाफड्डि) ગુલ્મનો એક ભાગ ફડ્ડક; એક ગણાવચ્છેદકની સરદારી નીચે રહેલ સાધુઓ ભેગા થઇને મંડલીમાં ગોઠવાઈ રહે તે. गुल्मका एक भाग फड्डक; एक गणावच्छेदककी सरदारीके आधीन रहनेवाले साधुओंका एकत्रित होकर मंडलबद्ध होना. A subdivision of a fraternity: the living of monks in a group under the rule of a Gaṇāvachchedaka (an officer). ओघ० २१;

फण. पुं० (फण) સર્પની ફેણ. सर्पका फन-फन. The hood of a serpent. पन्न० २; भत्त० १०६;

फणग. न० (फणक) કાંસકી; ફણી. फणी. A comb. उत्त० २२, ३०;

फणस. पुं० (पनस) ફનસનું ઝાડ. (२) ફનસનું ફળ. फानस वृक्ष. (२) फानस फल. A bread-fruit tree. जीवा० १; पन्न० १; १७; ओव० भग० २२, ३; पंचा० ५, २६;

फणा. स्त्री० (फणा) સર્પની ફેણ. सर्पका फन. Hood of a serpent. सु० च० १, ५;

फणि. पुं० (फणिन्) સર્પ; તેવીશમા તીર્થંકરનું લાંછન-ચિન્હ. सर्प; तेईसवें तीर्थंकरका लांछन-चिन्ह. A serpent; the symbol of the 23rd Tīrthaṅkara. (२) સર્પ. सर्प; सांप. A serpent. प्रव० ३८२;

फणिंद. पुं० (फणीन्द्र) ફેણવાળો સર્પ. फणवाला सर्प. Best among serpents. भत्त० १४६;

फणिवइ. पुं० (फणिपति) શેષનાગ. शेषनाग. The Śeṣa serpent. सु० च० २, ७;

फणिह. पुं० (फणिह) માથાના વાળ ઓળવાનું સાધન; કાંગસી. कांगसी; कङ्घी; सिरके बालोंको साफ करने और जमानेका साधन विशेष. A comb. अणुजो० १८;

फणुज्जय. पुं० (फणोद्यत) એ નામની એક હરિત વનસ્પતિ. इस नामकी एक हरी वनस्पति. A green vegetation so named. पन्न० १;

फणेज्जा. स्त्री० (फणेज्जा) વનસ્પતિ વિશેષ. वनस्पति विशेष. A particular vegetation. भग० २१, ८;

फरय. न० (फलक) ઢાલ. ढाल. A shield. सु० च० १३, ११;

फरसु. पुं० (परशु) ફરસી; કોદાળી. परसा; कुल्हाड़ी. An axe. विवा० ६; —**निहत्त.** त्रि० (-निहत) ફરશીથી કપાયેલ. परसेसे कटाहुआ. Chopped by an axe. विवा० ८;

फरसुराम. पुं० (परशुराम) પરશુરામ નામના એક ઋષિ. परशुराम नामक एक ऋषि. A Ṛṣi named Paraśurāma. भत्त० १५३;

फरिस. पुं० (स्पर्श) સ્પર્શ. स्पर्श; छूत. Touch. नाया० १; १७; दसा० ६, ४; ओव० आया० १, १, ७, ५८; गच्छा० ८३; क० प० ७, ५७;

फरिसण. न० (स्पर्शन) સ્પર્શેન્દ્રિય. स्पर्शेन्द्रिय. The sense of touch. विशे० २०५;

फरिहा. स्त्री० (परिखा) ખાઈ. खाई; गर्त. A ditch; a moat. विवा० ३; —**उदय.** न० (-उदक) ખાઈનું પાણી. खाईका पानी. Water of a moat. नाया० १२;

फरुफुरंत. व. कृ. त्रि० (पोस्फुर्यमाण) બહુ તરફડતું. अत्यधिक तड़फड़ाताहुआ. Fluttering a great deal. पिं० नि० ५८०;

फरुस. त्रि० (परुष) કર્કશ; કઠિન. कर्कश; कठिन; कठोर. Harsh; difficult; cruel. नाया० १; ८; ८; भग० ७, ६; निसी० १०, ३; १३, ११; ठा० ६, १; आया० १, ८, ३, १३; ओव० २०; ओघ० नि० ७३६; उत्त० १, २७; जं० प० जीवा० ३, १; गच्छा० ५४; प्रव० १३३५; उवा० २, ६४; (२) पुं० કઠિન સ્પર્શ. कठिन स्पर्श. A rough, hard touch. नाया० ८; (३) न० નિષ્ઠુર ભાષણ; કઠોર વચન. निष्ठुर भाषण; कठोर बात. Harsh or cruel speech. दस० ५, २, २६; ७, ११; निसी० २, १८; सूय० १, १३, २; —**वयण.** न० (-वचन) કર્કશ વચન. कठोर वचन. Harsh word. वव० ६, १;

फरुसग. पुं० ( ) કુંભાર. कुंभार; कुम्हार; पात्रकार. A potter. विशे० २३५;

फरुसया. स्त्री० (परुषता) કર્કશપણું; કઠિનપણું. कर्कशता; कठिनता. Harshness; stiffness. आया० १, ३, १, १०८;

फल. न० (फल) વૃક્ષાદિનાં ફળ. वृक्षादिके फल. Fruit. भग० २, ५; ८; ३, १-८-७; ११, ८; २१; ६; दस० ५, २, २४; ७, ३२; ८, १०; दसा० ६, ७; पन्न० १; उत्त० १२, १८; पिं० नि० भा० ४५; पिं० नि० ५४; १६१; १७२; जं० प० २, ३८;

ओव० विवा० १; निसी० ५, ४६; सु० प० १०; नंदी० १६; नाया० १; ५; ८; ११; १३; १५; १६; प्रव० १४२५; भत्त० ७२; उवा० १, २४; (२) પરિણામ. परिणाम-नतीजा. Result. दस० ४, ११; (३) કંઈપણ વસ્તુની પ્રાપ્તિ. किसीभी वस्तुकी प्राप्ति. Attainment of any object. विशे० २; (४) કાર્ય. कार्य A deed. विशे० ६४; (५) સારાંશ. सारांश; निष्कर्ष. The purport. भग० ७, १०; **—आहार.** त्रि० (-आहार) ફળનો આહાર કરનાર; ફળાહારી. फलभोजी; फलाहारी. (one) who lives on fruits. निर० ३, ३; भग० ११, ९; **—उद्देस.** पुं० (-उद्देश) ફળનો ઉદ્દેશ. फलका उद्देश. A chapter or purpose of fruits. भग० ३२, ६; **—उवगय.** त्रि० (-उपगत) ઘણાં ફળ વાળું (ઝાડ.) घने फलवाला वृक्ष. (tree) having numerous fruits. ठा० ४, २; **—उवचय** पुं० (-उपचय) ફળનો ઉપચય-એકઠાં કરવાં તે. फल संग्रह. A collection or accumulation of fruits. निसी० ३, ८१; **—भोयण.** न० (-भोजन) ફળનું ભોજન. फलका भोजन. Fruit diet. दसा० २, १९-२०; भग० ९, ३३; सम० २१; नाया० १; **—मंथु.** न० (-मन्थु) બોર વગેરે ફળનો ભુકો-ચૂર્ણ. बेर आदि फलोंका चूर्ण. A powder of plum-seeds, stones. दस० ५, २, २४; **—मालिया.** स्त्री० (-मालिका) ફળની માળા. फलोंकी माला. A garland of fruits. निसी० ७, १; **—वित्ति.** स्त्री० (-वृत्ति) ફળથી આજીવિકા ચલાવવી તે. फलद्वारा वृत्तिनिर्वाह. Living on fruits. नाया० १; **—वित्तिविसेस.** पुं० (-वृत्तिविशेष) ફળથી નિર્વાહ કરવાનો એક પ્રકાર. फलद्वारा जीविका निर्वाहका एक प्रकार. A sort of maintenance of life on fruits. जं० प० १, १२; दसा० ६, ४; विवा० १; कप्प० १, ७६; **—विवाग.** पुं० (-विपाक) ફળ-સુખ દુઃખાદિરૂપે કર્મનો વિપાક-પરિણામ. फल-सुख, दुःखादिरूप कर्म विपाक-परिणाम. The result of action in the form of happiness or misery. भग० ९, ३२; **—सिद्धि.** स्त्री० (-सिद्धि) ફળનો લાભ; ફળપ્રાપ્તિ; फलका लाभ; फलप्राप्ति. The acquisition of fruits. पंचा० ६, ७; **—हर.** पुं० (-भर) ફળનો ભાર. फलका भार. A load of fruits. पंचा० १९, ३६;

फलग. पुं० (फलक) પાટીયું. पाटिया; पट्टी. A board. पण्ह० १, १; राय० १२; २२९; नाया० ५; दस० ४; ५, १, ६७; दसा० ४, ६०; वेय० ५, ३२; जं० प० ३, ५९; पिं० नि० भा० ४६; जीवा० ३, ४; सूय० १, ५, १, १४; उत्त० १७, ७; प्रव० ६७४; उवा० १, ५८; ओव० (२) પટ્ટો. पट्टा. A belt. भग० २, ४; (३) અરિસાનો કાચ. दर्पण. A mirror. (४) શસ્ત્ર વિશેષ; ઢાલ. शस्त्र विशेष; ढाल. A shield. नाया० ९; (५) પલંગ. पलंग. A cot. भग० १८, १०; **—खंड.** पुं० (-खंड) પાટિયાનો ખંડ-કકડો. पटियेका टुकड़ा. A piece of wooden board. नाया० ९; **—गाह.** त्रि० (-ग्राह) પાટીયું હાથમાં લઈ ચાલનાર. पटिया हाथमें लेकर चलनेवाला. One who holds a board in his hands. जं० प० ३, ६७;

फलजंभग. पुं० (फलजृंभक) ફલજંભકા; જંભકા દેવતાની એક જાત. फलजंभका;

जंभक देवताकी एक जाति. A class of gods; Falajambhakā. भग० १४, ८;

फलत्ता. स्त्री० (फलता) ફળપણું. फलता. Fruitfulness. सू० प० २, ३, ५;

फलबिंटिय. पुं० (फलवृन्तक) ત્રણ ઇન્દ્રિય વાળા જીવની એક જાત. तीन इन्द्रियवाले जीवकी एक जाति. A class of three-sensed beings. पन्न० १;

फलय. न० (फलक) પાટિયું. पटिया. A plank. ओघ० नि० १०२; विवा० ३; राय० ४५; विशे० १०८८; नाया० १८; —**खंड.** पुं० (खंड) પાટીયાનો એક ખંડ-ટુકડો. पटियेका एक टुकड़ा. A piece of a plank. नाया० ६;

फलवती. स्त्री० (फलवती) ફળવાળી. फल वाली. (female) having fruits. पंचा० ४, २;

फलह. न० (फलक) મોટું પાટીયું. मोटा पटिया. A big plank. भग० १, ६; —**अंतर.** पुं० (-अंतर) વહાણનાં પાટીયાનું અન્તર. जहाजके पटियेका अन्तर. A gap or interval between the planks in a ship. नाया० ६; —**खंड.** न० (-खंड) પાટીયાનો પટ્ટો; ખંડ. पटियेका टुकड़ा-भाग. Part of a plank. नाया० ६;

फलिहा(य). न० (स्फटिक) સ્ફટિક મણિ; એક જાતનો પારદર્શક પત્થર. स्फटिक मणि; एक जातिका पारदर्शक पत्थर. A crystal. ओव० १०; —**रयण.** न० (-रत्न) સ્ફટિક રત્ન. स्फटिक रत्न. Crystal stone. भग० ३, २;

फलिय. पुं० (फलित=फलानि सञ्जातान्यस्य) ફળોથી યુક્ત; ફળેલું. फलयुक्त; फलाहुआ. Bearing fruits. नाया० ११; १५; भग० ७, ३; १५, १;

फलिह. न० (फलिह) માથાના વાળ ઓળવાની કાંકસી. सिरके बालोंको सजाने-ओलनेकी कंछी. A comb. सूय० १, ४, २, ११;

फलिह. पुं० (परिघ) ભોગળ; બારણાને અટકાવવાનો દાંડો. दरवाजेको अटकानेकी दंडी. A bar to lock up doors. दस० ५, २, ८; ७, २७; पण्ह० १, ४; राय० २२५; ओव० १०; जीवा० ३, १; (२) સ્ફટિક જેવું સ્વચ્છ અંતઃકરણ. स्फटिक वत् स्वच्छ अन्तःकरण. A soul clear like a crystal. भग० २, ५; राय० २२५;

फलिह. न० (फलक) પાટીયું; ખાંકડો. पटिया. A plank. आया० २, ४, २, १३८; —**उवहड.** त्रि० (-उपहृत) લાકડાના પાટીયા ઉપર નાંખીને લાવેલી વસ્તુ. लकडीके पटियेपर डालकर लाई हुई वस्तु. A thing brought on a board. वव० ६, ४४-४५;

फलिह. पुं० (स्फटिक) સ્ફટિક નામનું રત્ન; કઠિન પૃથ્વીનો એક પ્રકાર. स्फटिक नामक रत्न; कठिन पृथ्वीकी एक जाति. Crystal; quartz. पन्न० १; नाया० १; सु० च० १, १२५; ८, ६४; जीवा० ३, १; उत्त० ३६, ७६; राय० २६; विशे० १७४४; कप्प० २, २६; गच्छा० ८८; (२) આકાશ. आकाश. Sky or space. भग० २०, २; (३) સ્ફટિકના જેવું નિર્મળ અન્તઃકરણ. स्फटिकवत् निर्मल अन्तःकरण. A soul clear like a crystal. राय० २२५; (४) નાસ્તો વગેરે. नास्ता-कलेवा-आदि. breakfast. ठा० ३३; —**कूड.** पुं० (-कूट) ગંધમાદન પર્વતના સાત કૂટમાંનું પાંચમું કૂટ-શિખર. गन्धमादन पर्वतके सात कूटोंमेंसे पांचवाँ कूट. The 5th of the 7 peaks of Gandhamādana

mount. જં૦ પ૦ —**रयणमय.** ત્રિ૦ (–रत्नमय) સ્ફટિક રત્નમય; સ્ફટિક મણિનું બનેલું. स्फटिक रत्नमय; स्फटिक मणिका बनाहुआ. Made of crystal; crystalline. भग० ३, २;

फलिहमय. पुं० (स्फटिकमय) સ્ફટિક રત્નમય (ગ્રહોનાં વિમાન). स्फटिक रत्नमय (ग्रह विमान). Crystalline; a celestial abode of the planets. भग० १६, ७;

फलिहवडंसय. पुं० (स्फटिकावतंसक) એ નામનું ઈશાન દેવલોકના ઇન્દ્રનું એક વિમાન. इस नामका ईशान देवलोकके इन्द्रका एक विमान. An ariel car so named of the Indra of Īśāna devaloka. भग० ४, १;

फलिहा. स्त्री० (परिघा) અર્ગલા; આગલીયો. अर्गला; आगल. A bar. पण्ह० १, १;

फलिहा. स्त्री० (परिखा) ખાઈ. खाई. A ditch. ओव० सम० प० २१०; निसी० १२, २१; १७, ३७; —**उवगूढ.** त्रि० (उपगूढ) ખાઈથી યુક્ત. खाई युक्त. Having a moat. नाया० १८;

फाइ. स्त्री० (स्फीति) વૃદ્ધિ; વધારો. वृद्धि; बढ़ती. Progress; increase. (२) કીર્તિ; પ્રસિદ્ધિ. कीर्ति; प्रसिद्धि. Fame. ओघ० नि० २६४; —**कय.** त्रि० (–कृत) પ્રસિદ્ધિમાં લાવેલું. प्रसिद्धि किया हुआ; प्रकाशित. Famed; published. विशे० २५०७;

फागुण. पुं० (फाल्गुन) ફાલ્ગુન માસ. फाल्गुन मास. The Hindu month of Fālguna. भग० १८, १०;

फाडिअ. त्रि० (स्फोटित) ફાટેલું; ચીરેલું फटाहुआ; चीराहुआ. Torn; rent. ओव० ३८;

फाडेउ. सं. कृ. अ० (स्फोटयित्वा) ફાડીને; ચીરીને. फाड़कर; चीरकर. Having rent, torn. सु० च० ६, १४०;

फाणि(अ)य. न० (फाणित) ઢીલો ગોળ. ढीला गुड़. Treacle. आया० २, १, ४, २४; दस० ५, १, ७१; ६, १८; पन्न० १५; पिं० नि० २२६; ६२५; निसी० १३, ३६; ओव० ३८; प्रव० २२३; (२) ક્વાથ; ઉકાળેલ રસ. क्वाथ; उकालाहुआ रस. A boiled juice; decoction. पन्न० १७; —**गुल.** पुं० (गुड) ઢીલો ગોળ. ढीला पतला-गुड़. Treacle. भग० १८, ६;

फारुसिय. न० (पारुष्य) મર્મભેદક વાક્ય; કઠોર ભાષા. मर्मभेदक वाक्य; कठोर वाक्य. A harsh speech; speech which touches a vital part. आया० १, ६, ४, १८८;

फाल. न० (फाल) પાટીયું. पटिया. A plank. संथा० ८४; उवा० २, ६४; नाया० ८;

फालण. न० (स्फोटन) ફોડવું; કાપવું; ચીરવું. फोड़ना; काटना; चीरना. Cutting; breaking. पण्ह० १, १;

फालण. न० (स्फालन) જુઓ ઉપલો શબ્દ. Vide above. सम० ११;

फालिअ(य). पुं० (स्फाटिक) સ્ફટિક રત્ન. स्फटिक मणि. Crystal. नाया० १२; जं० प० कप्प० ३, ४०; —**वण्णाभ.** न० (वर्णाभ) સ્ફટિક રત્નની સમાન સુંદર. स्फटिक मणि समान सुन्दर. Beautiful like a crystal. नाया० १२;

फालिअ-य. त्रि० (स्फोटित) ફાટેલું; ચીરેલું. फाड़ाहुआ; चीराहुआ. Torn; rent. पिं० नि० ३२१; राय० २६१; उत्त० १६, ५४; जं० प० ७, १६६;

फालिय. न० (फालिक) વસ્ત્રનું ફાલ-પનાપને કકડો. वस्त्रका फाल-पनेवार टुकड़ा. A piece of cloth widthwise. निसी० १, ५१; (२) ફલાલીન; એક પ્રકારનું વસ્ત્ર. फलालीन; एक प्रकारका वस्त्र. Flannel. आया० २, ५, १, १४५;

फालियामय. त्रि० (स्फटिकमय) સ્ફટિક મણિવાળું स्फटिकमणि युक्त. Crystalline. जं० प० ७, १६५; सम० ३४;

फालिह. पुं० (स्फटिक) સ્ફટિક રત્ન વિશેષ. स्फटिक रत्न विशेष. Crystal stone. नाया० १; सु० च० ३, ७७;

फालिहामय. त्रि० (स्फटिकमय) સ્ફટિક રત્નમય. स्फटिक मणिमय. Crystalline. भग० १, १;

√**फास.** धा० II. (स्पृश्) સ્પર્શ કરવો. (૨) પાલન કરવું. स्पर्श करना. (२) पालन करना. To touch; to observe. नाया० १; उत्त० ५, २३; उवा० १, ७०;

फासेइ. भग० २, १; दस० १०, १; ५;

फासित्ता. सं० कृ० भग० २, १; नाया० १;

फासेत्ता. सं० कृ० उवा० २, १२४;

फालिया. सं० कृ० वव० ६, ३७;

फासइत्ता. सं० कृ० उत्त० १, २८, १;

फासयंत. व० कृ० भग० २५, ७;

फासंत. व० कृ० आव० ४, ८;

फास. पुं० (स्पर्श) સ્પર્શ; અડકવું તે. स्पर्श; छूत; छीना. Touching. उत्त० ५, २३; २८, १२; ओव० ठा० १, १; २, १; सू० प० २०; दस० ८, २६; नाया० १; राय० ४३; सु० च० १, २६५; भग० १ १; २, ५; सूय० २, १, ४२; आया० १, ६, २, १८४; प्रव० ५६७; ६४७; १०५५; आव० ४, ७; क० प० १, २७; क० गं० १, २४; ४१; २, ३१; जं० व० ५, ११६; ७, १७५; (२) સ્પર્શ–ત્વગિન્દ્રિયનો વિષય: શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, લુક્ષ, કર્કશ, કોમલ, લઘુ, ગુરુ એ આઠ સ્પર્શ. शीत, उष्ण, स्निग्ध, रू–क्ष–खा, कर्कश, कोमल, लघु, गुरु ये आठ स्पर्श. The tactual feeling of 8 kinds *viz.* cold, hot, oily, rough, hard, soft, light and heavy. भग० १, १; २, ३; ५, ७; ७, ७; ८, ८; १६, ३; २०, ५; पन्न० १; १५; २३; ओघ० नि० २६७; उत्त० १, ३३; ४, ११; ३२, ७४; ३४, २; सम० ५; नाया० १२; (३) દંશ મશકાદિનો પરિસહ. मच्छर डांस आदिका परिषह. The affliction due to mosquitoes etc. सूय० १, ४, २, २१; १, ११, ३७; (४) સ્પર્શેન્દ્રિયના વિષયનો ક્ષયોપશમ. स्पर्शेन्द्रियके विषयका क्षयोपशम. The control of the tactual sense. पन्न० २; (५) ગુરુ શિષ્યનો સંબંધ. गुरु शिष्यका सम्बन्ध. The relation between a disciple and a teacher. विशे० २६०६; (६) સ્પર્શ નામનો ગ્રહ. स्पर्श नामक ग्रह. A planet named Sparśa. ठा० २, ३; (७) શરીરની ચામડી. शरीरकी चमड़ी–काचाम–चर्म. Skin of the body. पन्न० १५; (८) દુઃખનું આવવું. दुःखागमन. The approach of distress. आया० १, १, १, ६; **—करण.** न० (–करण) સ્પર્શ કરવો તે. स्पर्शकरण; छूनका कार्य. Touching. भग० १६, ६; **—णिव्वत्ति.** स्त्री० (–निर्वृत्ति) સ્પર્શની નિર્વૃત્તિ–ઉત્પત્તિ. स्पर्शकी निर्वृत्ति–उत्पति. The origin of tactual feeling. भग० १६, ६; **—नाम.** न० (–नामन्) સ્પર્શનામ; નામકર્મની એક પ્રકૃતિ. स्पर्श नाम; नामकर्मकी एक प्रकृति. A variety of Nāma karma matter. सम० २८; **—परिणाम.** त्रि० (–परिणाम) કઠિનનું કોમળ થવું અને કોમળનું કઠિન થવું તે; સ્પર્શનું પરિણમવું. कठिनका कोमल और कोमलका कठिन होना; स्पर्शका परिणाम. The transformation of touch *viz.* hardening of a soft thing

and vice versa. ठा० ४, १; भग० ८, १-१०; —**परियारग.** पुं० (-परिचारक) સ્પર્શમાત્રથી વિષય સેવન કરી વિકાર શમાવનાર. स्पर्शमात्र द्वारा विषय सेवन करके विकारका शमन करनेवाला. (one) who subdues the passions by enjoying the objects through touch only. ठा० २, ४; —**परियारणा.** स्त्री० (-परिचारणा) સ્પર્શથી મૈથુન કરવું તે. स्पर्श मैथुन विधि. A kind of tactual sensual enjoyment. ठा० ५, १; —**बल.** न० (-बल) સ્પર્શ કરવાની શક્તિ; સ્પર્શેન્દ્રિયનું સામર્થ્ય. स्पर्श करनेकी शक्ति; स्पर्शेन्द्रियका सामर्थ्य. The tactual power; the power of the sense of touch. उत्त० १०, २५; —**सह.** त्रि० (-सह) ડંશ મશકાદિ પરિષહ સહન કરનાર. मच्छर डांस आदिका परिषह सहन करनेवाला. (one) who endures the biting of mosquitoes, gad flies etc. कप्प० ५,११६;

फासअ. त्रि० (स्पर्शक) સ્પર્શ-અનુભવ કરનાર; સેવના કરનાર. स्पर्श-अनुभव करनेवाला; सेवन करनेवाला. One who enjoys the sense of touch only. उत्त० १०, २०;

फासओ. अ० (स्पर्शतः) સ્પર્શથી; અડકીને. स्पर्शद्वारा-से; छूनेसे From touching. भग० ८, १; १८, १०; उत्त० ३६, १७;

फासणा. न० (स्पर्शन) સ્પર્શેન્દ્રિય; પાંચ ઇંદ્રિયમાંની એક. स्पर्शेन्द्रिय; पांच इन्द्रियोंमेंसे एक. The sense of touch; one of the 5 senses. प्रव० ५६७; —**काल.** पुं० (-काल) સ્પર્શનાનો કાળ-વખત. स्पर्शनाका काल-समय. The time of Sparśanā. क० प० १, ४६;

फासमंत. त्रि० (स्पर्शवत्) સ્પર્શવાળું. स्पर्शवान्. Tactual. भग० २, १; १०; २०, ५;

फासिंदिय(अ). न० (स्पर्शेन्द्रिय) સ્પર્શેન્દ્રિય; શીત ઉષ્ણ જાણવાની શક્તિવાળી ત્વગિન્દ્રિય. स्पर्शेन्द्रिय; शीत उष्ण जाननेकी शक्तिवाली त्वगिन्द्रिय. The feeling of touch; the organ of touch which feels the sensation of cold and heat. नंदी० ४; ओव० १६; भग० १, १; २, १; ८, १; २४, १; १२; नाया० ५; १७; सम० ६; अणुजो० १२७; भत्त० १४६; —**उवउत्त.** त्रि० (-उपयुक्त) સ્પર્શેન્દ્રિયના ઉપભોગવાળું. स्पर्शेन्द्रियका उपयोगवाला. Having the use of the sense of touch. भग० १३, १; —**निग्गह.** पुं० (-निग्रह) સ્પર્શેન્દ્રિયને કાબુમાં રાખવી તે. स्पर्शेन्द्रियका शमन-संयम-दमन. Controlling of the organ of touch. उत्त० २६, २; —**मुंड.** त्रि० (-मुण्ड) સ્પર્શેન્દ્રિયનો નિગ્રહ કરનાર. स्पर्शेन्द्रियका निग्रह करनेवाला. (one) who controls the organ of touch. ठा० ५, ३; —**लद्धि.** स्त्री० (-लब्धि) સ્પર્શેન્દ્રિયની પ્રાપ્તિ. स्पर्शेन्द्रियकी प्राप्ति. The attainment of the sense of touch. भग० ८, २; —**लद्धिया.** स्त्री० (-लब्धिका) સ્પર્શેન્દ્રિયની પ્રાપ્તિ. स्पर्शेन्द्रियकी प्राप्ति. The attainment of the sense of touch. भग० ८, २;

फासिंदियत्त. न० (स्पर्शेन्द्रियत्व) સ્પર્શ ઇન્દ્રીપણું. स्पर्शेन्द्रियत्व-स्पर्शेन्द्रियका भाव. The state of the sense of touch. भग० ३, ४; २५, २;

फासिय. त्रि० (स्पृष्ट) સ્પર્શ કરેલ. स्पर्श कियाहुआ; छूआहुआ. Touched. प्रव० २१३;

फासुय. न० (प्रासुक) જીવ રહિત; અચેત; निर्दोष. जड़; जीवरहित; अचेत; निर्दोष. Inert; unconscious; faultless. दस० ५, १, २०–८२; ८, १८; पिं० नि० १०७; १७७; भग० १, ६; २, ५; ५, ६; ७, १; ८, १; १८, १०; ठा० ४, २; उत्त० १, ३४; नाया० ५; १३; १६; १९; पण्ह० २, १; वेय० ४, ११-१२; राय० २२५; गच्छा० ७८; प्रव० ३१; ६३१; ८८८; उवा० १, ५८; **—एसणिज्ज.** त्रि० (-एषणीय) અચિત્ત અને નિર્દોષ-આહારાદિ. अचित और निर्दोष-आहारादि. A food which is lifeless and faultless. उवा० ७, १९४; **—विहार.** पुं० (-विहार) ગામાદિથી દૂર શુદ્ધ વસતિ-ધર્મશાળા. ग्रामादिसे दूर शुद्ध बस्ती-धर्मशाला. An inn or monastery away from a village etc. नाया० ५; भग० १८, १०;

फिट्ट. पुं० (*) માર્ગ; રસ્તો. पथ; मार्ग; रास्ता. A path; a road. सु० च० ८, २५०;

फिडिअ. त्रि० ( ) છૂટું પડેલ. पृथक् २ कियाहुआ; बिखराहुआ. Scattered; spread. ओघ० नि० २९; ओव० १४; (२) ભૂલું પડેલ; ભ્રષ્ટ થયેલ; पतित. भूलाहुआ; भ्रष्ट; पतित. Forgotten; degraded; fallen. ओघ० नि० ७;

फिप्फिस. पुं० (*) ઉદરની અંદરનો અવયવ; ફેફસાં. उदरके भीतरका अवयव; फुप्फुस. The lung. पण्ह० १, १; तंडु०

फुंफुमा. स्त्री० (*) અડાયાનો અગ્નિ. करिषाग्नि-उपलोंकी आग. A fire of dried cow-dung. क० गं० १, २२;

फुक्कणास. त्रि० (फोक्कनास) જુઓ "ફુક્કનાસ" શબ્દ. देखो "फुक्कनास" शब्द. Vide "फुक्कनास." उत्त० १२, ६;

फुक्कनास. त्रि० (फोक्कनास) જેના નાકની ટોચ લાંબી અને ઉંચી હોય તે; લાંબા અને ઉંચા નાકવાળો. ऊँची और लम्बी नासिकाग्रवाला. (one) having an aquiline nose. उत्त० १२; ६;

फुग्गफुग्ग. त्रि० ( ) અલગ અલગ-પરસ્પર છુટા છુટા રોમવાળો. बिखरेहुए-विरल-रोमवाला. (one) having thin and scattered hair. उवा० २, ९४;

फुटित. त्रि० (स्फुटित) ફાટેલું; ચીરાઇ ગયેલું. फटाहुआ; चीराहुआ; फूटाहुआ. Torn; rent; cut. जीवा० ३, १;

फुट्ट. धा० I. (स्फुट्) ફુટવું; તુટવું. फूटना; टूटना. To break.

फुट्टइ. नंदी० ४७;

फुट्टउ. जं० प० ५, १२३;

फुट्टंत. व० कृ० नाया० ६;

फुट्टमाणा. व. कृ. नाया० १; भग० ९; ३३; जं० प० ३, ६७;

फुट्ट. त्रि० (स्फुटित) ફુટેલું. फूटाहुआ; अंकुरित. Broken; sprouted. नाया० ८; उवा० २, ९४; **—सिर.** न० (-शिरस्) ફુટેલું માથું. फूटाहुआ सिर. A fractured head. नाया० ८; भग० ७, ६; जं० प० ३, ३६; **—हडाहडसीस.** त्रि० (-हताहतशीर्ष) જેનું માથું ફુટી ગયું હોય તે. जाते आते सिर फूटाहुआ. (one) whose head is fractured in a fray. विवा० १; नाया० १६;

फुड. धा० I. (स्फुट्) ફુટવું. फूटना. To burst; to break. जं० प० ५, १२३;

फुडिही. सु० च० २, ३१०;

फुडित्ता. सं० कृ० ठा० २, ४;

फुडंत. व० कृ० भग० ३, २;

फुड. त्रि० (स्फुट) સ્ફુટ; પ્રકટ. स्फुट; प्रकट. Clear; plain; (२) ઉઘડેલું; વિકસેલું. खिलाहुआ; विकसित. revealed; blooming. विशे० २२६; भग० ३, १; १५, १; नाया० १६; पिं० नि० ७२; राय० २७३; क० गं० ४, ७६; पंचा० ६, ४४; उवा० २, १०७; सु० च० १, ६१; (३) સૂત્રથી સ્પષ્ટ કહેવાયેલું હોય તે. सूत्रद्वारा स्पष्ट कहाहुआ–कियाहुआ. Made clear or explained by a Sūtra. विशे० ३१२१; (४) पुं० અવ્યક્ત શબ્દ. अव्यक्त शब्द. An indistinct word. नाया० ६; —**वयण.** न० (-वचन) સ્પષ્ટ વચન. स्पष्ट वचन. A clear word. प्रव० ५५१;

फुड. त्रि० (स्पृष्ट) સ્પર્શ કરેલ; અડેલ. स्पर्श कियाहुआ; अटकाहुआ; छुआहुआ. Touched. भग० ६, १०; ७, १–३; ८, ३; १८, ७–१०; २०, २; ओव० ४२; पन्न० १५; ३६; विशे० ३७८; सु० च० १, ६१; (२) સુખાદિ ભોગવેલ. सुखादिका उपभोग कियाहुआ. (one) who has enjoyed pleasures etc. भग० १, १;

फुडणा. न० (स्फोटन) ફુટવું; ચીરાવું. फूटना; चीराना. Breaking; bursting; rending. पण्ह० १, १;

फुडत्त. न० (स्पष्टत्व) સ્પષ્ટપણું. स्पष्टता. Clearness. क० गं० ५, ८०;

फुडा. स्त्री० (स्फुटा) મહોરગના ઇન્દ્ર અતિકાયની ચોથી પટરાણી. महोरगके इन्द्र अतिकायकी चौथी पटरानी. The 4th principal queen of Atikāya, the Indra of Mahoraga. भग० १०, ५; ठा० ४, १;

फुडाइया. स्त्री० (स्फुटीकृता) એક દેવીનું નામ. एक देवीका नाम. Name of a goddess. नाया० ध० ५;

फुडिय. त्रि० (स्फुटित) ફાટેલ; ફુટેલ. फटा हुआ; फूटाहुआ. Rent; broken; blooming. ओघ० नि० ७३६; भग० ७, १–६; पन्न० ११; जं० प०

✓**फुम.** धा० I. (वीज्) ફૂંક મારવી. फूँक मारना; मुँहमे हवा काढना. To blow.

फुमेज्जा. वि० दस० ४; निसी० ३, २१;

फुमिज्ज. वि० आया० २, १, ७, ३६;

फुमावेज्जा. क. वा. वि० दस० ४;

फुमिज्जंत. क. वा. व. कृ. राय० ८६;

✓**फुर.** धा० I. II. (स्फुर्) ફરકવું; ચલન થવું. फड़कना; स्फुरण होना; चंचल होना. To throb; to palpitate; to quiver.

फुरइ. नाया० १७;

फुरेइ. सु० च० १, १०८;

फुरित्ता. ठा० २, ४;

फुरंत. सूय० १, ५, १, १५; नाया० १; सु० च० १, ५; नंदी० १६; भत्त० १६८;

फुरण. न० (स्फुरण) ફરકવું. फड़कना. Throbbing. विशे० २३३;

फुल्ल. त्रि० (फुल्ल) વિકસિત; વિકાસ પામેલ; ઉઘડેલું; ખીલેલું. विकसित; विकासप्राप्त; खिला हुआ. Blooming; blossoming. नाया० १३; भग० ३, २; सु० च० १, ६५; अणुजो० १६; १३१; ओव० १३; राय० ४६; जीवा० ३, १; पंचा० ६, २६; कप्प० ४, ६०; —**उप्पल.** पुं० न० (-उत्पल) વિકસિત કમળ. विकसित कमल. A blooming lotus. भग० २, १; नाया० १; ८;

फुल्लग. पुं० (फुल्लक) સીસ ફૂલ. शीशफूल. A particular flower. जीवा० ३, ३;

फुल्लावलि. स्त्री० (पुष्पावलि) ખીલેલા ફૂલની પંક્તિ. विकसित पुष्प पंक्ति. A row of

bloomiug flowers. जं० प० ५, ११६;

फुल्लिंग. पुं० (स्फुलिंग) અગ્નિના તણખા. अग्निकी चिनगारी. A spark. नाया० १; भग० ३, २;

✓फुस. धा० II. (स्पृश्) અડકવું; સ્પર્શ કરવો. छूना; स्पर्श करना. To touch.

फुसइ. भग० १, ६; २, १०; ५, ७; २५, ६; विशे० ४३२; ओव० ३४;

फुसंति. आया० १, ६, ३, १८५; अणुजो० ८४; पन्न० ११; पिं० नि० २५६; नाया० १; उत्त० १०, २७;

फुसिज्ज. वि० आया० २, १३, १७२;

फुसंतु. आ. भग० २, १; १५, १; ओव० ३६;

फुसिय. सं. कृ. क० गं० ५, ८७;

फुसित्ता. सं. कृ. ठा० २, ४; भग० २, १०; पन्न० १५;

फुसमाण. व. कृ. पन्न १६; भग० १, ६; ५, ७;

फुसंत. व. कृ. ओघ० नि० ३५; उत्त० १२; ३८;

✓फुस धा० I. (मृज्) ધોવું; સાફ કરવું. धोना; साफ करना. To wash; to rinse.

फुसिज्जउ. सु० च० ४, २८४;

फुसिय-अ. सं. कृ. ओघ० नि० भा०२८५;

फुस. पुं० (स्पर्श) સ્પર્શ; અડકવું તે. स्पर्श; छूनेका कार्य. Touching. भग० १, १०; सु० च० १, ५७;

फुसण. न० (स्पर्शन) સ્પર્શ કરવો. स्पर्श करना. Touching. भग० २५, ६;

फुंसणा. स्त्री० (स्पर्शना) સ્પર્શ કરવો. Touching. अणुजो० ८०;

फुसाविअ. त्रि० (स्पर्शित) સ્પર્શાયેલ; અડેલ. स्पर्श किया हुआ; छूत. Touched. भग० ५, ७;

फुसावेयव्व. त्रि० (स्पर्शितव्य) સ્પર્શ કરવો. स्पर्श करना. Touching. भग० ५, ७;

फुसिय. न० (पृषत्) છાંટા. छींटे. A drop, spray of water. नाया० १;

फुसिय. त्रि० (स्पृष्ट) સ્પર્શ કરેલ. स्पृष्ट; स्पर्श-किया हुआ. Touched. राय० ३५; कप्प० ६, २८;

फुसिया-आ. स्त्री० (पृषत्) જલ બિન્દુ. जलबिन्दु. A drop of water; a spray. आया० १, ५, १, १४२; प्रव० १४६५;

फुसिया. स्त्री० (पुष्पिका) આ નામની એક વેલ. इस नामकी एक वेल. A creeper so named. पन्न० १;

फेडण. न० ( ) પડવું. पड़ना; गिरना. Falling down. प्रव० ८८६;

फेडणा. स्त्री० (स्फोटना) ફાડી તોડી નાખવું. फाडना तोड़ना. Tearing. पिं० नि० ३८७;

फेडिअ. त्रि० (स्फोटित) ફાડી નાખેલ; ચીરી નાખેલ. फाड़ा हुआ; चीरा हुआ. Torn; rent. ओघ० नि० भा० ४२;

फेण. पुं० (फेन) ફીણ. फेन. Foam. ओव० १०; २१; भग० ६, ३३; पण्ह० १, ३; नाया० १; जीवा० ३, ३; राय० ६२; उत्त० १६; १३; कप्प० ३, ३८; ४३; जं० प० ५, १२२; **—पिंड.** पुं० (-पिण्ड) ફીણનો પિંડો. फेनका समूह-पिंड. A lump of foam. प्रव० १४६५; **—मालिणी.** स्त्री० (-मालिनी) મહા વિદેહના વપ્રાવતી વિજયની પૂર્વ સરહદ ઉપરની મહા નદી. महाविदेहकी वप्रावती विजयकी पूर्वसीमावर्ती महानदी. A great river on the eastern boundary of the territory Vaprāvatī of Mahāvideha. जं० प० ठा० २, ३;

फेलगडाजाय. पुं० ( ) ધાન્યની નીચેનો ભાગ. धान्यके नीचेका भाग. The lower portion of a corn. नाया० ७;

फोडण. न० (स्फोटन) ભૂમિઆદિ ફોડવી તે. मिट्टी-पृथ्वीका फोड़ना. Breaking a clod, earth etc. नाया० ८; पिं० नि० ३६२; (२) દાળ શાક આદિને વઘાર આપવો તે. दाल शाक आदिका वघारना-छौंकना. Seasoning of soup etc. पिं० नि० २५०;

फोडि. स्त्री० (स्फुटि) પૃથ્વી ફોડવી-ખોદવી તે. पृथ्वी खोदनेका कार्य. Digging or breaking a clod, earth etc. प्रव० २६७;

फोडीकम्म. न० (स्फोटनकर्मन्) ભૂમિ આદિને ખોદવાનો વ્યાપાર કરવો તે; પંદર કર્માદાનમાંનો એક. भूमि आदि खोदनेकी क्रिया; पन्द्रह कर्मादानोंमेंसे एक. The act of digging ground etc; one of the 15 karmādānas. भग० ८, ५;

फोफल. न० (पूग-फल) સોપારી. सुपारी. Bettle-nut. भत्त० ४२;

फोफस. न० (फोफस) શરીરનો એક અવયવ; ફેફસું. शरीरका एक अवयव; फुप्फुस. A lung. पण्ह० १, १;

फोल्लई. स्त्री० (फोल्लकी) એ નામની એક વેલ. इस नामकी एक लता-वेल. A creeper so named. पन्न० १;

ब

बउल पुं० (बकुल) બકુલ વૃક્ષ; બોલસરી-વરશોલીનું ઝાડ કે જેની નીચે ૨૧ મા તીર્થંકરને કેવળજ્ઞાન ઉપન્યું હતું. बकुलवृक्ष; बोलसरी वृक्ष जिसके नीचे २१ वें तीर्थंकरको केवलज्ञान उत्पन्न हुआ था. The Bakula tree under which the 21st Tīrthaṅkara attained perfect knowledge. भग० २२, २; सम० प० २३३; पन्न० १; विशे० १७५५; जं० प० (२) न० બકુલનું ફુલ. बकुल फूल. A flower of Bakula tree. नाया० ६;

बउस. पुं० (बकुश) શરીર તથા ઉપકરણની શોભા કરતાં મૂળ ગુણમાં દોષ લગાડી ચારિત્રને મલીન કરનાર સાધુ. शरीर तथा उपकरणोंकी शोभाकी अपेक्षा मूल गुणमें दोष लगाकर चारित्रको मलीन करनेवाला साधु. An ascetic who pollutes his conduct by imposing a sin on a primary merit. (२) એ નામનો એક દેશ. इस नामका एक देश. A country so named. प्रव० ७२६; भग० २५, ६; ठा० ३, २; ५, ३; कप्प० ३, ३७; (३) त्रि० બકુશ દેશનો રહેવાસી. बकुश देशका निवासी. An inhabitant of Bakuśa country. पन्न० १; पण्ह० १, १; —**कुसील.** पुं० (-कुशील) બકુશ અને કુશીલ નિર્ગ્રંથો; ચારિત્રમાં દોષ લગાડનાર એક પ્રકારના સાધુ. बकुश और कुशील निर्ग्रंथो; चारित्रमें दोष लानेवाले एक प्रकारके साधु. An ascetic with partial transgression of conduct. प्रव० ७३७;

बउसत्त. न० (बकुशत्व) બકુશપણું. बकुशता-त्व. Partial transgression of conduct. भग० २५, ६;

बउसिया(आ). स्त्री० (बकुशिका) બકુશ દેશમાં ઉત્પન્ન થયેલી દાસી. बकुश देशमें उत्पन्न दासी A maid-servant born in Bakuśa country. जं० प० भग० ६, ३३;

बंदिग्गहण. न० (बंदिग्रहण) કોઇને લુંટીને કેદ કરવો તે. किसीको लूटकर बन्दी बनाना. Plundering and capturing one. विवा० ३; नाया० १८;

बंध. धा० I. (बन्ध्) બાંધવું; જકડવું. बाँधना; जकड़ना. To bind; to tie; to chain.

बंधइ. दस० ६, ६६; निसी० १, ४५; १२, १; भग० १, ६; ५, ४; ६, ३; ६; ७, ८; ८, ८; २५, ६; २६, १; नाया० ७; १४; पिं० नि० १०१; सु० च० ११, २२; क० गं० १, ५७; ४, ६२;

बंधंति. भग० १, ३; २, १; ३, १; ६, ३; ८, ८; १९, ३; ३३, १; जं प० ५, ११४; नाया० १; पन्न० १४; ग० ४, १; क० गं० ३, २०;

बंधेज्जा. वि० भग० ६, ५; सूय० २, ५, १२;

बंधिस्सइ. भग० ८, ८; २६, १;

बंधेहिंति. भग० १५, १;

बंधिस्संति. पन्न० १४;

बंधिंसु पन्न० १४;

बंधी. भू. का. भग० ८, ८; २६, १;

बंधित्ता नाया० १; १४;

बंधित्तए. राय० २७३;

बंधइत्ता. भग० ६, ३२; १५, १; नाया० २; ७; १४; जं० प० ५, ११४;

बंधतित्ता. भग० ३, १; २०, १;

बंधमाण. भग० ६, ६; २५, ६; ३३, १;

बंधत. निसी० १२, १;

बंधिउं. सूय० १, २, १, १८;

बंधिऊणं. सूय० १, ५, १, १४;

बंधित्तु. सं. कृ सूय० १, ५, १, १०; क० प० ४, ३६;

बंधावेइ. क. वा. विवा० ६; सु०च० ११, ४८;

बंधे वि. क० गं० २, ८; सूय० २, ५, १२;

बंधह. आ. विवा० १; ८, ८;

बज्झाइ. क. वा. पिं० नि० ६४;

बज्झंति. नाया० १; १७; भग० ६, ३; उत्त० ६, ३०;

बंध. पुं० (बन्ध) બંધન કરવું; બાંધવું. बंधन करना; बांधना. Binding; chaining. भग० १, १; १८, ३; राय० २२४; दसा० ६, १-४; निसी० ५, ७१; ओव० ३८; ४१; सूय० २, २, ६२; अणुजो० १३०; नाया० २; १७; क० गं० १, ३२; २, १०; ११; २५; क० प० २, ३; ३, ३; पंचा० १, १०; उवा० १, ४५; (२) જીવ અને કર્મનો સંબંધ: જીવ પ્રદેશ અને કર્મ પુદ્ગલનો ક્ષીર નીરની પેઠે થતો સંબંધ; નવ તત્ત્વમાંનું આઠમું તત્ત્વ. जीव और कर्मका सम्बन्ध; जीव प्रदेश और कर्म पुद्गलका क्षीर नीरवत् होनेवाला सम्बन्ध; नव तत्त्वोंमेंसे आठवां तत्व. The relation of the soul and karma; the 8th principle out of nine; a harmonious mingling of the soul particles and the molecules of karmas. भग० १, १; २, ५; १३, ८; ४०, १५; दस० ४, १५; १६; ओव० ३४; सम० १; ४; ठा० १; उत्त० ६, १०; २८, १४; क० गं० १, १५; २, १; ३; आया० १, २, ६, १०२; (३) પણવણાના ત્રીજા પદના પચ્ચીસમા દ્વારનું નામ. पण्णवणाके तीसरे पदके पचीसवें द्वारका नाम. Name of the 25th Dvāra of the 3rd Pada of Paṇṇavaṇā. पन्न० ३; (४) સંયોગ.

Relation. भग० १८, ३; २०, ७; (५) બેડી આદિનું બંધન. आदिका बंधन. A bond of fetters etc. दस० ६, २, १४; (६) લેપ. Anointing. पिं० नि० १४; **—अंतग.** त्रि० (-अन्तक) બંધનો અંત વિછેદ કરનાર. बंधका अंत-विच्छेद करनेवाला. The destroyer of bondage. क० प० ४, २०; **—अंतर.** न० (-अन्तर) કર્મબન્ધનું અન્તર. कर्म बन्धका अन्तर. The difference of karmic bond. भग० ८, ६; **—उक्कोस.** पुं० (-उत्कर्ष) ઉત્કૃષ્ટ બંધ. उत्कृष्ट बंध. A good bond. क० प० २, ३१; **—उदय.** पुं० (-उदय) કર્મનો બંધ અને ઉદય. कर्मका बंध और उदय. The bond and appearance of karmas. क० प० ५, ४३; प्रव० ४८; **—उवरम.** पुं० (-उपरम) કર્મબન્ધની નિવૃત્તિ-અભાવ. कर्मबन्धकी निवृत्ति-अभाव. The absence or cessation of karmic bond. क० गं० ६, ७; **—ट्ठाण.** न० (-स्थान) બંધનાં સ્થાનક. बंधके स्थानक. Stages of bondage. क० गं० ६, १२; **—ट्ठिइ.** स्त्री० (-स्थिति) કર્મના બંધની સ્થિતિ. कर्मके बन्धकी स्थिति. The condition of karmic bondage. सम० २०; भग० ६, ३; **—पगइ.** स्त्री० (-प्रकृति) બંધવાની કર્મ પ્રકૃતિ. बांधनेकी कर्म प्रकृति; बधनशील कर्म प्रकृति. Binding karmic matter. क० प० २, ७; **—विह.** पुं० (-विध) બંધના ભેદ-પ્રકાર. बंधके भेद-प्रकार. Varieties of bonds. क० गं० ५, १; **—विहाण.** न० (-विधान) બંધનો વિધિ. बंधकी विधि-का विधान. The procedure of bondage. क० प० १, १०२; ३, १; **—विहि.** पुं० (-विधि) બંધના પ્રકાર-ભાંગા. बंधके प्रकार-भाग-खण्ड. A portion of bondage. क० गं० ६, २७; **—वुच्छेअ.** पुं० (-व्युच्छेद) બંધનો વિચ્છેદ-અભાવ. बंधका विच्छेद-अभाव. The absence of a bond. क० गं० ६, २४; **—वोच्छेय.** पुं० (-व्युच्छेद) બંધનો વિચ્છેદ-અભાવ. बंधका विच्छेद-अभाव. The absence of a bondage. क० प० २, २५; **—सयग.** न० (-शतक) બંધ પ્રકરણની સો ગાથા; સો ગાથાવાળું બંધ પ્રકરણ. बंध प्रकरणकी १०० गाथा; १०० गाथावाला बंध प्रकरण. 100 tales of the topic of bondage. क० प० १, १०२; **—सामि.** पुं० (-स्वामीन्) બંધનો સ્વામી; કર્મ બાંધનાર. बंधका स्वामी; कर्म बन्धक. That which binds the karmas; the master of bondage. क० गं० ५, १; **—सामित्त.** न० (-स्वामित्व) બંધનું સ્વામિપણું. बंधका स्वामित्व. The state of a master of bondage. क० गं० ३, १; २४; ६, ७५;

बंधअ. त्रि० (बन्धक) બાંધનાર; કર્મ બન્ધ કરનાર. बांधनेवाला; कर्मबन्ध करनेवाला. Binder; (one) who binds karmas. पिं० नि० २०७;

बंधग. पुं० (बन्धक) કર્મ બાંધનાર. कर्म बांधनेवाला. (one) who binds karmas. भग० ५, १; ८, ८; पन्न० ३; पंचा० २, ४४; १६, ४०; ११, १; २१, १; २५, ३; ३३, १; ३५, १;

बंधट्ठितिउद्देस. पुं० (बन्धस्थित्युद्देश) પણવણા સૂત્રના એક ઉદ્દેશાનું નામ. पण्णवणा सूत्रके एक उद्देशाका नाम. Name of a chapter of Paṇṇavaṇā Sūtra. भग० १३, ८;

बंधण. न० (बन्धन) બંધન; બંધ. बंधन; बंध. Bond; bondage. भग० ७, ६; ९, ३३; १८, ३; नाया० २; पन्न० १३; १६; राय० २५३; उत्त० १, १६; सम० २; ओव० २१, ३८; आव० ४, ७; जं० प० ३, ७०; (२) શરીરનું બન્ધારણ. शरीरका गठन. The make-up of the body. नाया० १; (३) જન્મ મરણ. जन्म मरण. Life and death. दस० १०, १; २१; (४) નાવાનું બંધન. नाया० ८; (५) ઔદારિક, વૈક્રિયઆદિ પાંચ શરીરના પુદ્ગલોનું જોડાણ-મેળ. औदारिक, वैक्रिय आदि पांच शारीरिक पुद्गलोंका मेल-संयोग. The combination of the molecules of the five bodies *viz.* physical etc. अणुजो० १२७; पन्न० २३; (६) જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મનું બન્ધન. ज्ञानावरणीय आदि आठ कर्मका बन्धन. A bondage of eight karmas *viz.* knowledge-obscuring etc. पन्न० ३६; आया० १, ४, ३, १३८; (७) ફળનું બીટકું. फलका बटका. A slice of fruit. सूय० १, २, १, ६; (८) આઠ કર્મ અને તેના હેતુઓ. आठ कर्म और उनके हेतु. The 8 karmas and their causes. पन्न० ३६; सूय० १, १, १, १; (९) જેથી કર્મનો બંધ થાય તે અધ્યવસાય; આઠ કરણમાંનું એક. कर्म बन्धशील अध्यवसाय; आठ करणोंमेंसे एक. An effort that causes a karmic bondage; one of the 8 means. क० पं० १, २४; ३१; ३५; ३७; २, ३१; क० प० १, २; **—करण** न० (-करण) કર્મનો બંધ કરવો તે. कर्मबंध करण. The incurring of a karmic bond. क० प० १, १०२; **—छेयण.** न० (-च्छेदन) જીવ સાથેના કર્મ સંબંધનું છેદન. जीव विषयक कर्म सम्बन्धका छेदन. The destruction of the relation of karmas with a soul. ठा० ५, ३; **—छेयणगइ.** स्त्री० (-छेदनगति) શરીરથી જીવનું જુદું પડવું. शरीरसे जीवका जुदा होना. The separation of a soul from the body. भग० ८, ७; (२) શરીરથી છુટેલ જીવની અને જીવથી છુટેલ શરીરની ક્રિયા થાય છે તે. शरीरसे मुक्त जीव और जीवसे मुक्त शरीरकी होनेवाली क्रिया. The act of a soul liberated from a body and a body liberated from a soul. पन्न० १६; **—छेयणया.** स्त्री० (-च्छेदन+ता) બંધનનું છેદન થવું તે. बंधनका छेदन कार्य. The destruction of a bondage. भग० ७, १; **—नाम.** न० (-नामन्) બંધન નામે નામ કર્મની એક પ્રકૃતિ. बंधन नामक नाम कर्मकी एक प्रकृति. A variety of Nāma karma matter named Bandhana. क० प० १, २८; **—पच्चइय.** पुं० (-प्रत्ययिक) પરમાણુ પુદ્ગલોનો પરસ્પર બંધ, જેમ દ્વિપ્રદેશિકાદિ સ્કંધ. परमाणु पुद्गलोंका परस्पर बंध; यथा द्विप्रदेशिकादि स्कंध. The combination of molecules *e. g.* a Skandha. भग० ८, ९; **—परिणअ.** त्रि० (-परिणत) બન્ધનરૂપે પરિણમેલ. बन्धनरूपमें परिणत-प्रतिफलित. Resulting or matured into a bondage. क० प० २, १;

बंधन. न० (बंधन) બાંધવું તે. बंधन; बांध. A binding. पंचा० १, १८;

बंधय. त्रि० (बन्धक) કર્મ બાંધનાર. कर्म बांधनेवाला. That which binds the karmas. भग० ५, ४; ८, ९; २५, ६;

बंधव. पुं० (बान्धव) સ્વજન; સહોદર; ભાઈ. स्वजन; सहोदर; भ्राता. Brethren; a brother. उत्त० ४, ४; १०, ३०; पण्ह० १, १;

बंधवया. स्त्री० (बान्धवता) બંધુતા; ભાઇપણું. बंधुता; भ्रातृत्व; भायप. Brotherliness. उत्त० ४, ४;

बंधाविय. त्रि० (बन्धित) બંધાવેલ. बँधाया-हुआ; बँधाहुआ. Bound. सु० च० २, ४६ २;

बंधिसय. न० (बन्धिशत) ભગવતી સૂત્રના ૨૬મા શતકનું નામ. भगवती सूत्रके २६वें शतकका नाम. Name of the 26th century of Bhagavati Sūtra. भग० २७, १;

बंधीसा. स्त्री० ( ) વાદ્ય વિશેષ, વાજું. वाद्य विशेष; बाजा. A kind of musical instrument. राय० ८८;

बंधु. पुं० (बन्धु) ભ્રાતા; ભાઈ. भ्राता; भाई. A brother. गच्छा० २५; १०६;

बंधुजीव. पुं० (बन्धुजीव) બપોરીયાનું ઝાડ. बपोरिया-बंधुजीव वृक्ष. A species of trees. भग० २२, ५; राय० ५१; ५३; ५४; (२) વર્ષાઋતુમાં થતો લાલ સુંવાળી ચામડીવાળો જીવડો; મેમમોલો. वर्षाऋतुमें पैदा होनेवाला सुन्दर लाल चमड़ीवाला जीव. A worm with soft red velvet like skin, which is born in the rainy season. जीवा० ३, ४;

बंधुजीवग. पुं० (बन्धुजीवक) બપોરીયા વૃક્ષનું ફૂલ. बन्धुजीव वृक्षका फूल. A flower of a particular tree. जं० प० पन्न० १; कप्प० ४, ६०; (२) વર્ષાઋતુમાં થતાં નાનાં લાલ જીવડાં. वर्षाऋतुमें उत्पन्न होनेवाले लाल २ छोटे जीव-प्राणी A red worm born in the rainy season. नाया० १;

बन्धुद्देस. पुं० (बन्धोद्देशक) પન્નવણા સૂત્રના ચોવીશમા પદના એક ઉદ્દેશાનું નામ. पन्नवणा सूत्रके चौबीसवें पदके एक उद्देशाका नाम. Name of a section of the 24th Pada of Paṇṇavaṇā Sūtra. भग० ६, ६;

बंधुमई. स्त्री० (बन्धुमती) ૧૯ મા તીર્થંકરની મુખ્ય સાધ્વીનું નામ. १९ वें तीर्थंकरकी मुख्य साध्वीका नाम. Name of the principal nun of the 19th Tīrthaṅkara. प्रव० ३०६;

बंधुमती. स्त्री० (बन्धुमती) અર્જુન માળીની સ્ત્રીનું નામ. Name of the wife of Arjuna māli. अंत० ६, ३; (२) મલ્લિનાથ તીર્થંકરની મુખ્ય સાધ્વીનું નામ. Name of the principal nun of Mallinātha Tīrthaṅkara. नाया० ८;

बन्धुय. पुं० (बन्धुक) બન્ધુક દેશ. बन्धुक देश. A country called Bandhuka.(२) त्रि० તે દેશના રહેવાસી. इस देशके निवासी. An inhabitant of that country. पन्न० १;

बंधुर. त्रि० (बन्धुर) સુંદર; રમણીક. सुंदर; रमणीक. Beautiful; attractive. चउ० १०;

बन्धुवती. स्त्री० (बन्धुमती) ૧૯ મા તીર્થંકરની મુખ્ય સાધ્વી. १९ वें तीर्थंकरकी मुख्य साध्वी. The chief nun of the 19th Tīrthaṅkara. सम० प० २३४;

बंधुसिरी. स्त्री० (बंधुश्री) એક રાણીનું નામ. एक रानीका नाम. Name of a queen. विवा० ६;

बंभ. पुं० न० (ब्रह्मन्) બ્રહ્મચર્ય. ब्रह्मचर्य. Celibacy; continence. राय० २१५; पिं० नि० भा० २४; विशे० २६३६; ओव०

१६; उत्त० १२, ४६; ३१, १४; प्रव० ४०; (२) અભિજિત નક્ષત્રનો અધિષ્ઠાતા દેવતા. अभिजित नक्षत्रका अधिष्ठाता देवता. The presiding god of the constellation Abhijita. सु० प० १०; अणुजो० १३१; (३) પાંચમો દેવલોક. पांचवाँ देवलोक. The 5th Devaloka. भग० १८, ७; ओव० २६; विशे० ५६५; नाया० १; (४) પાંચમા દેવલોકનો સ્વામી-ઇંદ્ર. पांचवें देवलोकका स्वामी-इन्द्र. The Indra (lord) of the 5th Devaloka. ठा० २, ३; सम० ३२; पन्न० २; (५) બીજા બલદેવ-વાસુદેવના પિતા. दूसरे बलदेव-वासुदेवके पिता. Father of the 2nd Baldeva-Vāsudeva. सम० प० २३५; (६) વર્તમાન અવસર્પિણીના બારમા ચક્રવર્તી. वर्तमान अवसर्पिणीके बारहवें चक्रवर्ती. The 12th Chakravartī of the current aeon of decrease. सम० प० २३४; (७) મોક્ષ. मोक्ष; मुक्ति. Salvation. सूय० २, ६, २०; (८) દિવસ રાતના ત્રીશ મુહૂર્તમાંનું નવમું મુહૂર્ત. दिन रातके तीस मुहूर्तोंमेंसे ९ वाँ मुहूर्त. The 9th Muhūrta out of 30 of a day and night. जं० प० ७, १५२; सम० ३०; (९) બ્રહ્મદત્ત ચક્રવર્તીના એક મહેલનું નામ. ब्रह्मदत्त चक्रवर्तीके एक प्रासादका नाम. Name of a palace of Brahmadatta sovereign. "उच्चोदए महूकक्केय बंभे" उत्त० १३, १३; (१०) જ્ઞાન સ્વરૂપ આત્માનું આશ્રય સ્થાન હોવાથી સિદ્ધશિલાનું બીજું નામ. ज्ञानस्वरूप आत्माका आश्रयस्थान होनेके कारण सिद्धशिलाका दूसरा नाम. Name of a Siddha Śila being the fulcrum of the soul in the form of knowledge. सम० १२; (११) ૧૨મા ચક્રવર્તીના પિતા. १२ वें चक्रवर्तीके पिता. Father of the 12th Sovereign ruler. सम० प० २३४; (१२) બ્રહ્મ નામનું એક છઠ્ઠા દેવલોકનું વિમાન કે જેના દેવતાનું ૧૧ સાગરોપમનું આયુષ્ય છે. ब्रह्म नामक छठे देवलोकका एक विमान जिसके देवताकी आयुष्य ११ सागरोपमकी है. A celestial abode of the 6th Devaloka named Brahma the life of whose gods is 11 Sāgaropamas (a period of time). सम० ११; (१३) બ્રહ્મા; વિધાતા. ब्रह्मा; विधाता; सृष्टिकर्ता. The creator; Brahmā. सूय० १, १, ३, ५; (१४) શીતલનાથજીના યક્ષનું નામ. शीतलनाथजीके यक्षका नाम. Name of a Yakṣa (semi divine being) of Śītalanāthji. प्रव० ३७५; **—गुत्ति.** स्त्री० (गुप्ति) બ્રહ્મચર્યનું રક્ષણ. ब्रह्मचर्यका रक्षण. Observance of celibacy. पिं० नि० ६२; (२) બ્રહ્મચર્યનું રક્ષણ કરવાને કિલ્લાની પેઠે બાંધવામાં આવેલી નવ વાડ. ब्रह्मचर्यके रक्षणार्थ किलेके समान बनाई हुई नई बागुर परिघि. उत्त० ३१, १०; भत्त० १०७; प्रव० ५५६; ५६५; **—संति.** स्त्री० (—शान्ति) બ્રહ્મ-આત્મજ્ઞાનથી શાંતિ થાય તે. ब्रह्म-आत्मज्ञानद्वारा प्राप्त शान्ति. Tranquillity due to the knowledge of the soul. भग० ४२, १;

बंभंड. पुं० न० (ब्रह्माण्ड) જગત્. जगत्; विश्व. The Universe. सु० च० २, १६६.

बंभकंत. पुं० (ब्रह्मकान्त) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેના દેવતાઓનું આયુષ્ય ૧૧ સાગરોપમનું છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके देवताका

आयुष्य ११ सागरोपमका है A celestial abode of this name of the 6th Devaloka, the age of whose gods is 11 Sāgaropamas. (a period of time.) सम० ११;

बंभकूड. पुं० (ब्रह्मकूट) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમાં વસનાર દેવતાનું ૧૧ સાગરોપમ આયુષ્ય છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके निवासी देवताकी आयुष्य ११ सागरोपम है. A celestial abode so named of the 6th Devaloka the gods of which live for 11 Sāgaropamas. (a period of time). सम० ११; (२) મહા કચ્છ વિજયની પૂર્વે અને કચ્છ ગાવઈ વિજયની પશ્ચિમે આવેલો એક વખારા પર્વત. महाकच्छ विजयके पूर्व और कच्छगावई विजयके पश्चिममें स्थित एक वखारा पर्वत. A Vakhārā mount to the east of the Mahākachchha territory and west of kachchhagāvaī territory. जं० प०

बंभचारि. त्रि० (ब्रह्मचारिन्) બ્રહ્મચર્ય ધારણ કરનાર. ब्रह्मचारी. A celibate. भग० २, १; उत्त० ३२, ११; उवा० २, ११३; (२) पुं० પાર્શ્વનાથના એ નામના એક ગણધર. पार्श्वनाथके इस नामके एक गणधर. A Gaṇadhar so named of Pārśvanātha. ठा० ८, १;

बंभचेर. न० पुं० (ब्रह्मचर्य) બ્રહ્મચર્ય; વિષય ત્યાગ. ब्रह्मचर्य; विषय त्याग. Continence; celibacy. आया० १, ४, ३, १३७; १, ६, ४, १८८; ठा० २, १; उत्त० १६, १; २५, ३०; सूय० १, ३, १, १३; २, १, ४५; जं० प० ७, १६२; भग० १, ६; दस० ५, १, ६; ६; ५८; नाया० १; पिं० नि० ६६६; पण्ह० १, २; सु० च० ७, २७३; भत्त० १०७; गच्छा० ६७; १०७; प्रव० ६४६; उवा० १, ७६; (२) સંયમ અનુષ્ઠાન. संयमानुष्ठान. Practice of self-restraint. सूय० १, १, ३, १३; (३) જિનેન્દ્રનું શાસન. जिनेन्द्रका शासन. The command of Jinendra. सूय० २, ५, १; **—गुत्ति.** स्त्री० (-गुप्ति) બ્રહ્મચર્યના રક્ષણ માટે યોજાયલી નવ ગુપ્તિ-વાડ. ब्रह्मचर्यके निरीक्षणार्थ नियुक्त नौ गुप्ति. Nine methods of protecting celibacy. आव० १, ४; **—धारिणी.** स्त्री० (-धारिणी) બ્રહ્મચર્ય પાળનારી સ્ત્રી. ब्रह्मचारिणी. A female celibate. नाया० १६; **—वसाणुअ.** त्रि० (वशानयन-ब्रह्मचर्य वशमानयति-आयतं करोति दर्शना क्षेपादिनेति) બ્રહ્મચર્યનો અન્ત કરનાર; બ્રહ્મચર્યને તોડનાર. ब्रह्मचर्यका अन्त करनेवाला; ब्रह्मचर्यको भ्रष्ट करनेवाला. (one) who terminates celibacy. " नचंग्ज वेससामंते बंभचेर वसाणुए " दस० ५, १, ६; **—वास.** पुं० (-वास) બ્રહ્મચર્યમાં રહેવું તે; બ્રહ્મચર્યનું પાલન. ब्रह्मचर्य पालन. Observance of celibacy. भग० १, ४; ६, ३१; १५, १; नाया० १०; १६; ठा० ५, १;

बंभजोग. पुं० (ब्रह्मयोग) બ્રહ્મચર્ય ધારણ કરવું તે. ब्रह्मचर्यका अध्यवसाय-योग. The observance of celibacy. गणि० ३०;

बंभज्झय. पुं० (ब्रह्मध्वज) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમા વસતા દેવોનું ૧૧ સાગરોપમ આયુષ્ય છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके निवासी देवताकी आयुष्य ११ सागरोपमकी है. A celestial abode so named of the 6th Devaloka; the gods of which live for

11 Sāgaropamas (a period of time). सम० ११;

बंभण. पुं० (ब्राह्मण) બ્રાહ્મણ; ચાર વર્ણમાંનો એક વર્ણ. ब्राह्मण; चार वर्णोंमेंसे एक वर्ण. A brāhmaṇa, one of the 4 varṇas-castes. भग० २, १; सु० च० ७, २८७; उत्त० २५, १८;

बंभणअ(य). त्रि० (ब्राह्मणक) બ્રાહ્મણ સંબંધી. ब्राह्मण विषयक. Pertaining to a Brāhmaṇa. ओव० ३८, भग० ६, ३३; १८, १०; कप्प० १, ६;

बंभदत्त. पुं० (ब्रह्मदत्त) બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી, કે જે પોતાના પૂર્વભવના ભાઇ ચિત્તમુનિએ સમજાવ્યા છતાં પણ ન સમજતાં છેવટ સુધી કામભોગમાં આસક્ત રહી મરીને સાતમી નરકે ગયો. ब्रह्मदत्त नामक चक्रवर्ती जो अपने पूर्वजन्मके भाई चित्तमुनिद्वारा समझाया जाने परभी न समझते हुए अन्तिम समय तक कामभोगमें आसक्त रहा तथा मरने पर सातवें नरकको पहुँचा. A sovereign ruler named Brahmadatta, who, though advised by his brother of previous birth, Chitta muni, did not give up sensual enjoyment to the last and hence reached the 7th hell after death. प्रव० ४१६; ठा० २, ४; ४, ३; उत्त० १३, १; जीवा० ३; १; (२) २ જા તીર્થંકરને પ્રથમ ભિક્ષા આપનાર. दूसरे तीर्थंकरको १ले भिक्षा देनेवाला. (one) who gave alms first of all to the 2nd Tīrthaṅkara. सम० प० २३२;

बंभदीवग. पुं० (ब्रह्मदीपक) રેવતી નક્ષત્ર આચાર્યના શિષ્યનું નામ. रेवती नक्षत्र आचार्यके शिष्यका नाम. Name of the disciple of the preceptor Revatī Nakṣatra. नंदी० ३२;

बंभदीविआ. स्त्री० (ब्रह्मदीपिकास) એ નામની એક શાખા. इस नामकी एक शाखा. A branch (of a family) so named. कप्प० ८,

बंभप्पभ. पुं० (ब्रह्मप्रभ) બ્રહ્મપ્રભ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેના દેવોનું આયુષ્ય ૧૧ સાગરોપમ હોય છે. ब्रह्मप्रभ नामक छठे देवलोकका एक विमान जिसके देवताकी आयुष्य ११ सागरोपमकी होता है. A celestial abode of the 6th Devaloka named Brahmaprabha; its gods live upto 11 Sāgaropamas. (a period of time). सम० ११;

बंभबन्धु. पुं० (ब्रह्मबन्धु) ષટ્કર્મ રહિત માત્ર જન્મનો બ્રાહ્મણ. षट्कर्म रहित मात्र जन्मका ब्राह्मण. A Brāhmaṇa by birth only but devoid of six karmas. पिं० नि० ४४८;

बंभयारि. पुं० (ब्रह्मचारिन्) બ્રહ્મચર્ય પાળનાર. ब्रह्मचारी. A celibate. भग० ३, ३; १२, १; नाया० १; दस० ५, १, ६; ८, ५४; ओव० १७; पंचा० १०, १८; (२) પાર્શ્વનાથના એક ગણધર. पार्श्वनाथका एक गणधर. A gaṇadhara of Pārśvanātha. सम० ८;

बंभलेस्स. पुं० (ब्रह्मलेश्य) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમાં વસતા દેવોનું ૧૧ સાગરોપમ આયુ છે. इस नामका छठे देवलोकका एक विमान; जिसके निवासी देवताकी आयु ११ सागरोपमकी है. A celestial abode of the 6th Devaloka so named the gods of which

live upto 11 Sāgaropamas (a period of time). सम० ११;

बंभलोग. पुं० (ब्रह्मलोक) પાંચમા દેવલોકનું નામ. पांचवें देवलोकका नाम. Name of the 5th Devaloka. प्रव० ११२६; (२) પાંચમા દેવલોકમાં રહેનાર દેવ. पांचवें देवलोकमें रहनेवाला देव. A god residing in the 5th Devaloka. उत्त० २६, २०८;

बंभलोगवडिंसग. पुं० (ब्रह्मलोकावतंसक) બ્રહ્મલોકાવતંસક નામનુ પાંચમા દેવલોકનું એક વિમાન કે જેના દેવતાનું આયુષ્ય દશ સાગરોપમ છે. ब्रह्मलोकावतंसक नामक पांचवें देवलोकका एक विमान जिसके देवताकी आयु १० सागरोपम है. A celestial abode named Brahmalokāvatańsaka of the 5th Deva'oka, the gods of which live upto 10 Sāgaropamas. सम० १०;

बंभलोय. पुं० (ब्रह्मलोक) બ્રહ્મલોક; પાંચમો દેવલોક. ब्रह्मलोक; पांचवाँ देवलोक. The 5th Devaloka (heaven). सम० ७; अणुजो० १०४; १४२; जीवा० २; ओव० ३८; नाया० १६; भग० ३, १; २४, २०; ठा० २, ३; पन्न० १; निर० २, २; जं० प० ५, ११८; — **कप्प.** पुं० (-कल्प) પાંચમા દેવલોકનું નામ. पांचवें देवलोकका नाम. Name of the 5th Devaloka (heaven). भग० १, २; नाया० ८;

बंभवडिंसअ. पुं० (ब्रह्मावतंसक) સકળ લોકનો મુકુટરૂપ હોવાથી સિદ્ધશિલાનું નામ. सकल लोकका मुकुट होनेके कारण सिद्धशिलाका नाम. Name of Siddha-Śilā being the crown of all worlds. सम० १२;

बंभवण्ण. पुं० (ब्रह्मवर्ण) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમાં વસતા દેવોનું આયુષ્ય ૧૧ સાગરોપમનું છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके निवासी देवताकी आयु ११ सागरोपमकी है. A celestial abode of the 6th Devaloka; its gods live upto 11 Sāgaropamas. सम० ११;

बंभविं. त्रि० (ब्रह्मवित्) આત્મજ્ઞાની. आत्मज्ञानी. (one) who knows the souls. आया० १, ३, १, १०७;

बंभसिंग. पुं० (ब्रह्मशृंग) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમાં વસનાર દેવોનું આયુષ્ય ૧૧ સાગરોપમ છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके निवासी देवताकी आयुष्य ११ सागरोपमकी है. A celestial abode of the 6th Devaloka; its gods live for 11 Sāgaropamas (a period of time). सम० ११;

बंभसिद्ध. पुं० (ब्रह्मसिद्ध) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમાં વસતા દેવોનું આયુષ્ય ૧૧ સાગરોપમનું છે. इस नामका छठे देवलोकका एक विमान जिसमें बसनेवाले देवताओंकी आयु ११ सागरोपमकी हैं. A celestial abode of the 6th Devaloka (heaven); its gods live for 11 Sāgaropamas. (a period of time). सम० ११;

बंभसोअ. न० (ब्रह्मशौच) શીલ-બ્રહ્મચર્યથી થતી પવિત્રતા. ब्रह्मचर्यके कारण होनेवाली पवित्रता. Purity due to continence. ठा० ५, ३;

बंभावत्त. पुं० (ब्रह्मावर्त्त) એ નામનું છઠ્ઠા દેવલોકનું એક વિમાન કે જેમાં વસતા દેવોનું આયુષ્ય ૧૧ સાગરોપમ છે. इस नामका छठे देवलोकका एक विमान जिसके निवासी देवताकी आयु ११ सागरोपमकी हैं.

Name of a celestial abode of the 6th Devaloka; its gods live for 11 Sāgaropamas (a period of time). सम० ११;

बंभावति. स्त्री० (ब्रह्मावती) રમ્યકવિજયની મુખ્ય રાજધાની-નગરી. रम्यकविजयकी मुख्य राजधानी. The capital city of Ramyaka territory. जं० प०

बंभी. स्त्री० (ब्राह्मी) બ્રાહ્મી લિપિ. ब्राह्मी लिपि. Brāhmī script. भग० १, १; सम० १८; पन्न० १; (२) ઋષભદેવ પ્રભુની પુત્રી કે જેને પ્રભુએ બ્રાહ્મી લિપિ શીખવી હતી. ऋषभदेव प्रभुकी पुत्री जिसे प्रभुने ब्राह्मी लिपि सिखलाईथी. The daughter of Ṛṣabhadeva who was taught by him the Brāhmī script. भग०. १, १; जं० प० सम० १८; ८४; सम० प० २३४; प्रव० ३०८;

